પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ    વર્ષ : ૨૮    અંક : ૧૨૫  કુલ પાના : ૪   તારીખ : ૧૭-૦૧-૨૦૨૫   શુક્રવાર   કિંમત રૂા.૧.૫૦/-

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97  9712880678  panchmahalsamachar@gmail.com  panchmahalsamachar  panchmahalsamachar  www.panchmahalsamachar.com



પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦







# કેનેડાના ટ્રૂડો માટે ભારત સાથેનો સંઘર્ષ ખૂબ મોંઘો સાબિત થયો,પીએમની ખુરશી ગુમાવી દીધી

## ખાલિસ્તાન સમર્થક અને આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યાના મામલે ભારત સાથેના સંબંધો બગડ્યા બાદ, કેનેડાના વડા પ્રધાન તમામ મોરચે હારી ગયા છે.

નવીદિલ્હી

ખાલિસ્તાન સમર્થક અને આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યાના મામલે ભારત સાથેના સંબંધો બગડ્યા બાદ, કેનેડાના વડા પ્રધાન તમામ મોરચે હારી ગયા છે. પીએમ ટ્રૂડોએ તાજેતરમાં જાહેરાત કરી હતી કે પાર્ટી દ્વારા નેતા તરીકે ચૂંટાયા બાદ તેઓ કેનેડાના પીએમ પદ છોડી દેશે. હવે તેમણે રાજકારણમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી છે. ટ્રૂડોએ કહ્યું કે તેઓ કેનેડામાં આગામી સામાન્ય



ચૂંટણીઓ લડશે નહીં અને રાજકારણ પણ છોડી શકે છે, જે નિઃશંકપણે ટ્રૂડોના રાજકીય કારકિર્દીનો અત્યાર સુધીનો સૌથી આશ્ચર્યજનક નિર્ણય છે.

"પીએમ ટ્રૂડો આગામી ચૂંટણીમાં ભાગ લેશે નહીં," કેનેડાના ગ્લોબલ ન્યૂઝે ટ્રૂડોને ટાંકીને જણાવ્યું હતું. જોકે, તેમણે અનિશ્ચિતતા વ્યક્ત કરી અને કહ્યું, "મને ખબર નથી કે હું આગળ શું કરીશ, સાચું કહું તો, મારી પાસે તેના વિશે વિચારવાનો વધુ સમય નથી, હું તે કામ કરવા પર સંપૂર્ણપણે ધ્યાન કેન્દ્રિત કરું છું." "હું કેનેડિયનોએ મને અસાધારણ મહત્વપૂર્ણ સમયે જે કરવાનું પસંદ કર્યું છે તે કરી રહ્યો છું."

ટ્રૂડો યુએસમાં કેનેડિયન પ્રાંતોના પ્રીમિયર્સ, રાજદૂત અને કેટલાક ફેડરલ કેબિનેટ મંત્રીઓને પણ મળ્યા. આ બેઠક નવા ચૂંટાયેલા અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે સંકલન સ્થાપિત કરવાની વ્યૂહરચના પર ચર્ચા કરવા માટે બોલાવવામાં આવી હતી. "આ દેશમાં હંમેશા ઘણું રાજકારણ ચાલતું રહે છે, પરંતુ કેનેડિયન રાષ્ટ્રીય હિતમાં ક્યારે કાર્ય કરવું તે જાણવું, અને કેનેડિયનો શું જોવા માંગે છે તે જાણવું, આ ટેબલ પર હાજર દરેક વ્યક્તિ માટે ખરેખર શ્રેય છે,

ઉલ્લેખનીય છે કે ટ્રૂડોએ તાજેતરમાં જ જાહેરાત કરી હતી કે તેઓ ઓગસ્ટમાં ચૂંટણી પહેલા કેનેડાના પીએમ પદ છોડી દેશે, કારણ કે તેમની લિબરલ પાર્ટી ઓફ કેનેડા દ્વારા નેતા તરીકે ચૂંટાયા હતા. જોકે, ટ્રૂડોના પીએમ પદ પરથી રાજીનામું આપ્યા પછી અને ચૂંટણીઓ યોજાય ત્યાં સુધી તેઓ થોડા મહિનાઓ સુધી સંસદના સભ્ય રહેશે. સિટી ન્યૂઝના અહેવાલ મુજબ, બેંક ઓફ કેનેડાના ભૂતપૂર્વ ગવર્નર માર્ક કાર્ની ટ્રૂડોના સ્થાન લેવાની રેસમાં જોડાઈ શકે છે.

જસ્ટિન ટ્રૂડો પહેલી વાર ૨૦૦૮માં ક્વિબેકની પાપિનો બેઠક પરથી ચૂંટણી જીત્યા બાદ ગૃહમાં પહોંચ્યા હતા. માત્ર ૭ વર્ષ પછી, તેઓ કેનેડાના પીએમ પણ બન્યા. ૨૦૧૫ની સામાન્ય ચૂંટણીમાં તેમના પક્ષે પ્રચંડ વિજય મેળવ્યો અને ટ્રૂડોએ વડા પ્રધાનની જવાબદારી સંભાળી.

પીએમ પદ સંભાળતાની સાથે જ ટ્રૂડોએ વિદેશ નીતિ પર સખત મહેનત કરી. પોતાની વિદેશ નીતિ હેઠળ, તેમણે ભારત જેવા દેશો સાથે સારા સંબંધો જાળવી રાખ્યા હતા, પરંતુ નિજ્જર હત્યા કેસ પછી, ટ્રૂડોએ ભારત વિરુદ્ધ ખોટા નિવેદનો આપીને અને ખાલિસ્તાની નેતાની હત્યામાં ભારતનો હાથ હોવાનો આરોપ લગાવીને સંબંધો બગાડ્યા. જ્યારે કેનેડાના અમેરિકા સાથે પહેલાથી જ ખરાબ સંબંધો છે.

હરદીપ નિજ્જરની હત્યા અંગે ટ્રૂડોએ આરોપ લગાવ્યો હતો કે ખાલિસ્તાની નેતા નિજ્જરની હત્યામાં ભારતીય એજન્ટો સામેલ હતા. એટલું જ નહીં, તેમણે દાવો કર્યો હતો કે તેમની પાસે ભારત વિરુદ્ધ ઘણા પુરાવા છે, પરંતુ ટ્રૂડોને સૌથી મોટો આંચકો ત્યારે લાગ્યો જ્યારે ત્યાંની સુપ્રીમ કોર્ટે પુરાવાના અભાવે આ કેસમાં ચાર ભારતીય આરોપીઓને જામીન આપ્યા.

# અરવિંદ કેજરીવાલ કરતા તેમની પત્ની સુનિતા વધુ ધનવાન છે



નવીદિલ્હી

દિલ્હી વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ માટે મતદાન માટે હવે થોડા જ દિવસો બાકી છે. આમ આદમી પાર્ટી, ભાજપ અને કોંગ્રેસ સહિત તમામ રાજકીય પક્ષો તેમની ચૂંટણી તૈયારીઓમાં વ્યસ્ત છે અને તેમના ઉમેદવારોના નામ પણ જાહેર કરી રહ્યા છે. દરમિયાન, આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે નવી દિલ્હી વિધાનસભા મતવિસ્તારમાંથી પોતાનું ઉમેદવારીપત્ર ભર્યું. કેજરીવાલે નોમિનેશનમાં પોતાની સંપત્તિનો પણ ખુલાસો કર્યો છે. આપના કન્વીનર અરવિંદ કેજરીવાલે ઉમેદવારી પત્ર ભરતી વખતે કુલ ૧.૭૩ કરોડ રૂપિયાની સંપત્તિ જાહેર કરી છે. કેજરીવાલે જણાવ્યું છે કે તેમની પાસે ૧.૭ કરોડ રૂપિયાની સ્થાવર સંપત્તિ છે. ઉપરાંત, સોગંદનામા મુજબ, કેજરીવાલની સંપત્તિમાં ૨.૯૬ લાખ રૂપિયાની બેંક બચત અને ૫૦,૦૦૦ રૂપિયા રોકડાનો સમાવેશ થાય છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં કેજરીવાલની આવક ૭.૨૧ લાખ રૂપિયા હતી. સોગંદનામા મુજબ, અરવિંદ કેજરીવાલ પાસે કોઈ કાર કે ઘર નથી.કેજરીવાલ દ્વારા દાખલ કરાયેલા સોગંદનામા મુજબ, તેમની પત્ની સુનિતા કેજરીવાલ પાસે કુલ ૨.૫ કરોડ રૂપિયાની સંપત્તિ છે. આમાંથી ૧ કરોડ રૂપિયાથી વધુની સ્થાવર સંપત્તિ અને ૧.૫ કરોડ રૂપિયાની સ્થાવર સંપત્તિ છે. સુનિતા કેજરીવાલ પાસે ૨૫ લાખ રૂપિયાનું ૩૨૦ ગ્રામ સોનું અને ૯૨,૦૦૦ રૂપિયાનું એક કિલો ચાંદી છે. સુનિતા પાસે ગુરુગ્રામમાં એક ઘર અને એક નાની પાંચ સીટર કાર પણ છે.કેજરીવાલ દ્વારા દાખલ કરાયેલા સોગંદનામા મુજબ, અરવિંદ કેજરીવાલ અને સુનિતા કેજરીવાલ પાસે કુલ ૪.૨૩ કરોડ રૂપિયાની સંપત્તિ છે. તમને જણાવી દઈએ કે, અગાઉ વર્ષ ૨૦૨૦ માં કેજરીવાલે દાખલ કરેલા સોગંદનામામાં તેમણે ૩.૪ કરોડ રૂપિયાની સંપત્તિ જાહેર કરી હતી. ૨૦૧૫ના ચૂંટણી સોગંદનામામાં તેમણે ૨.૧ કરોડ રૂપિયાની સંપત્તિ જાહેર કરી હતી.

# પ્રજાસત્તાક દિવસની પરેડમાં ૪૦ વિમાન ભાગ લેશે, તેજસ ભાગ નહીં લે

નવીદિલ્હી

રાજધાની દિલ્હીના ફરજ માર્ગ પર પ્રજાસત્તાક દિવસની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. તમને જણાવી દઈએ કે ૨૬ જાન્યુઆરીએ ભારત તેનો ૭૬મો પ્રજાસત્તાક દિવસ ઉજવશે. આ દિવસે ફરજ માર્ગ પર પરેડનું આયોજન કરવામાં આવશે. આમાં, ભારતના સશસ્ત્ર દળોની વિવિધ શાખાઓ પરેડ કરશે. તે જ સમયે, વાયુસેના પોતાનું કૌશલ્ય દર્શાવશે અને વિવિધ રાજ્યો પોતાના ટેબ્લો રજૂ કરશે. દરમિયાન, સમાચાર આવ્યા છે કે ભારતના સ્વદેશી તેજસ વિમાન પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં ભાગ લેશે નહીં. ચાલો આનું કારણ જાણીએ.

ભારતીય વાયુસેનાના કુલ ૪૦ વિમાનો પ્રજાસત્તાક દિવસની પરેડનો ભાગ બનશે. જોકે, તેજસ વિમાન તેનો ભાગ રહેશે નહીં. માહિતી અનુસાર, તેજસ એક સિંગલ એન્જિન વિમાન છે. આ કારણોસર, તેઓ આ વખતે પ્રજાસત્તાક દિવસની પરેડમાં ભાગ લેશે નહીં. મળતી માહિતી મુજબ, ભારતીય વાયુસેનાએ આ અંગે નવી નીતિ તૈયાર કરી હતી. માહિતી અનુસાર, એડવાન્સ્ડ લાઈટ હેલિકોપ્ટરનો આખો કાફલો હાલમાં ગ્રાઉન્ડેડ છે, જેના કારણે એડવાન્સ્ડ લાઈટ હેલિકોપ્ટર પણ પ્રજાસત્તાક દિનમાં ભાગ લેશે નહીં.



પ્રજાસત્તાક દિવસની પરેડમાં કુલ ૪૦ વિમાન ભાગ લેશે, જેમાં ૨૨ ફાઈટર વિમાનનો સમાવેશ થાય છે. આમાં પરિવહન વિમાન તેમજ હેલિકોપ્ટરનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ત્રણ ડોર્નિયર વિમાન પણ પ્રજાસત્તાક દિવસની પરેડનો ભાગ બનશે. જોકે, આ વખતે પ્રજાસત્તાક દિવસે ભારતીય વાયુસેનાનો કોઈ ટેબ્લો નહીં હોય.

ભારતના ૭૬મા પ્રજાસત્તાક દિવસની ઉજવણીના ભાગ રૂપે પરેડ જોવા માટે પેરાલિમ્પિક ટુકડીના સભ્યો, નોંધપાત્ર ગામોના સરપંચો, હાથવણાટ કારીગરો અને વન અને વન્યજીવન સંરક્ષણ કાર્યકરો સહિત લગભગ ૧૦,૦૦૦ ખાસ મહેમાનોને આમંત્રિત કરવામાં આવ્યા છે. આ ખાસ મહેમાનોની પસંદગી સંરક્ષણ મંત્રાલય દ્વારા વિવિધ ક્ષેત્રો અને કાર્યક્ષેત્રોમાંથી કરવામાં આવી છે. આ માટે કુલ ૩૧ શ્રેણીઓ હતી.

# ઈસરોએ ઈતિહાસ રચ્યો બે સેટેલાઈટને સફળતાપૂર્વક ડોક કરવાની પ્રક્રિયા પૂરી કરી,આમ કરનારો ચોથો દેશ બન્યો

ભારતીય સ્પેસ એજન્સી ઈસરોએ એકવાર ફરીથી અદભૂત મિશનને અંજામ આપીને ઈતિહાસ રચી નાખ્યો છે. ઈસરોએ બે સેટેલાઈટને સફળતાપૂર્વક ડોક કરવાની પ્રક્રિયા પૂરી કરી. આ મિશન બાદ હવે ભારત અમેરિકા, ચીન, રશિયા બાદ ચોથો એવો દેશ બન્યો છે જેણે આ ઉપલબ્ધિ મેળવી છે.



ભારતીય અંતરિક્ષ અનુસંધાન સંગઠન (ઈસરો)એ ગુરુવારે ફરી એકવાર ઈતિહાસ રચી નાખ્યો છે. ઈસરોએ સ્પાડેક્સ (સ્પેસ ડોકિંગ એક્સસર્સાઈઝ) મિશન હેઠળ બે સેટેલાઈટને સફળતાપૂર્વક ડોક કરવાની પ્રક્રિયા પૂરી કરી છે. અમેરિકા, રશિયા, અને ચીન બાદ ભારત ચોથો એવો દેશ બન્યો છે જેણે આ સિદ્ધિ મેળવી છે.

આ અગાઉ ઈસરોએ બે વાર ડોકિંગનો પ્રયત્ન કર્યો હતો પરંતુ ટેક્નિકલ સમસ્યાઓના કારણે ૭ અને ૯ જાન્યુઆરીએ શક્ય બન્યું નહતું. ૧૨ જાન્યુઆરીએ ઈસરોએ સેટેલાઈટને ૧૫ મીટર અને ૩ મીટરના અંતર સુધી લાવવામાં સફળતા મેળવી હતી. ઈસરોએ કહ્યું હતું કે ૧૫ મીટર અને પછી ૩ મીટર સુધીના અંતરને સફળતાપૂર્વક અચીવ કરાયું. ત્યારબાદ સેટેલાઈટને સુરક્ષિત અંતર પર લઈ જવામાં આવ્યા. ડેટાનું વિશ્લેષણ કર્યા બાદ ડોકિંગની પ્રક્રિયા પૂરી કરાશે.

સ્પાડેકસ મિશનને ઈસરોએ ૩૦ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ લોન્ચ કર્યુ હતું. જેમાં બે નાના સેટેલાઈટ એસડીએક્સ૦૧ (ચેસર) અને એસડીએક્સ૦૨ (ટાર્ગેટ)-ને પૃથ્વીની નીચેની કક્ષામાં સ્થાપિત કરાયા હતા. આ મિશનનો હેતુ ભારતીય અંતરિક્ષ કાર્યક્રમ માટે ડોકિંગ ટેક્નોલોજીનું પ્રદર્શન કરવાનો છે.

ડોકિંગ ટેક્નોલોજીની ચંદ્રયાન-૪ જેવી મિશનમાં જરૂર પડશે. જેમાં ચંદ્રમાથી સેમ્પલ લઈને પૃથ્વી પર પાછા લાવવાના છે. આ ઉપરાંત ભારતના અંતરિક્ષ સ્ટેશન ભારતીય અંતરિક્ષ સ્ટેશનની સ્થાપના માટે પણ આ ટેક્નોલોજી મહત્વની રહેશે, જેને ૨૦૨૮ સુધીમાં લોન્ચ કરવાની યોજના છે.

મિશન હેઠળ પહેલા બંને સેટેલાઈટને ૨૦ કિલોમીટરના અંતરે રાખવામાં આવ્યા. ત્યારબાદ ચેઝર સેટેલાઈટે ટાર્ગેટ સેટેલાઈટ પાસે જઈને ૫ કિમી, ૧.૫ કિમી, ૫૦૦ મીટર, ૨૨૫ મીટર, ૧૫ મીટર અને છેલ્લે ૩ મીટર સુધીનું અંતર કાપ્યું. ત્યારબાદ બંને સેટેલાઈટને એક સાથે જોડવામાં આવ્યા. ડોકિંગ બાદ સેટેલાઈટ વચ્ચે વીજળીના ટ્રાન્સફરનું પ્રદર્શન કરાયું અને પછી બંનેને અલગ કરીને તેમના સંબંધિત પેલોડ સંચાલન શરૂ કરવામાં આવ્યા.

ચંદ્રયાન ૪ મિશનમાં ડોકિંગ અને અંડોકિંગ પ્રક્રિયાઓ મહત્વપૂર્ણ ભાગ ભજવશે. આ મિશનમાં બે મોડ્યુલ્સને અલગ અલગ લોન્ચ વ્હીકલથી લોન્ચ કરાશે. જે જિયોસિંક્રોનસ ટ્રાન્સફર ઓર્બિટમાં ડોક કરશે. ચંદ્રમા પર સેમ્પલ ભેગા કરવા અને પછી તેમને પૃથ્વી પર પાછા લાવવા માટે ડોકિંગ ટેક્નોલોજીનો ઉપયોગ થશે. આ ઉપરાંત માનવ મિશન, અને અંતરિક્ષ સ્ટેશન માટે પણ આ ટેક્નોલોજીને આગળ વધારવાની યોજના છે. સ્પાડેકસ મિશનના સફળ ડોકિંગ પરિક્ષણે ભારતને અંતરિક્ષ વિજ્ઞાનમાં એક વધુ મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મેળવવામાં મદદ કરી છે. આ મિશન આવનારા સમયમાં ઈસરોના મહત્વકાંક્ષી અંતરિક્ષ અભિયાનો માટે માઈલ સ્ટોન સાબિત થશે.

# અમદાવાદ ફ્લાવર શોમાં રેકોર્ડ બ્રેક લોકોએ મુલાકાત લીધી, ૧૨ દિવસમાં ૬ કરોડ રૂપિયાની આવક

અમદાવાદ

આ વખતે એએમસીને ફલાવર શો ૨૦૨૫ ફળ્યો હોય તેમ લાગી રહ્યું છે. શહેરના સાબરમતી રિવરફ્રન્ટ ઉપર યોજાયેલો ફલાવર શો ત્રણ જાન્યુઆરીથી આજ દિન સુધી ૮ લાખથી વધુ લોકોએ મુલાકાત લીધી છે. જેનાથી એએમસીની તિજોરીમાં ૬ કરોડ જેટલી માતબર રકમ આવી છે. નોંધનીય છે કે, એએમસીએ ફલાવર શો પાછળ ૧૫ કરોડ રૂપિયાનો ખર્ચો કર્યો હતો.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજિત અમદાવાદ ઈન્ટરનેશનલ ફ્લાવર શોના ૧૨ દિવસમાં જ છ કરોડ રૂપિયાની આવક થઈ છે. આપને જણાવીએ કે, અત્યાર સુધી સૌથી વધુ મુલાકાતીઓનો ઘસારો મંગળવારે જોવા મળ્યો હતો. જેના




કારણે ઉત્તરાયણ પર્વ નિમિત્તે એએમસીની તિજોરી છલકાઈ છે. કુલ ૧,૦૧,૮૮૯ લોકોએ ફલાવર શોની મુલાકાત લેતાં એએમસીની તિજોરીમાં એક જ દિવસમાં ૮૬ લાખ રૂપિયા આવ્યા છે.સાબરમતી રિવરફ્રન્ટ ઉપર યોજાયેલા ફલાવર શોમાં ઉત્તરાયણના દિવસે મુલાકાતીઓની સંખ્યાએ અલગ રેકોર્ડ સર્જ્યો હતો. ૧૪મી જાન્યુઆરીની રજાનો લાભ લઈ ૧.૩૨ લાખ જેટલા મુલાકાતીઓ ઉમટી પડતાં રિવરફ્રન્ટના રોડ અને ફલાવર શોમાં જાણે કિડિયારું ઉભરાયું હોય તેવા દશ્યો જોવા મળ્યા હતા.સ્ટે. કમિટી ચેરમેન દેવાંગભાઈ દાણીએ ઉત્તરાયણના દિવસની અપડેટ આપતા જણાવ્યું હતું કે, “ઉત્તરાયણનો તહેવાર અલગ રીતે ઉજવવા માંગતા નાગરિકો ફલાવર શો નિહાળવા ઉમટી પડ્યા હતા. ૧૪મી જાન્યુઆરીના રોજ સવારથી જ માનવ મહેરામણ ઉમટવાનું શરૂ થયું હતું. આ દિવસે સાંજ સુધીમાં તો ભારે ભીડ જામી હતી. રાત્રે છેલ્લા આંકડા મેળવતા ૧.૩૨ લાખ લોકોએ ફલાવર શો નિહાળ્યો હોવાનું જણાયું હતું. જેમાં એક જ દિવસમાં ૮૬ લાખની આવક થઈ હતી. જેમાં ૪૮ લાખ રોકડ, ૧૨ લાખ યુપીઆઈથી અને ૨૬ લાખ ઓનલાઈનથી આવક થઈ હતી.’તેમણે જણાવ્યું હતું કે, “૨૩ અને ૨૪ જાન્યુઆરી એમ બે દિવસ ફ્લાવર શોમાં પ્રી-વેડિંગ શૂટિંગની મંજૂરી આપવામાં આવી છે. જેના માટે સવારે ૭થી ૯ વાગ્યા સુધી અને સાંજે ૬થી ૧૨ વાગ્યા સુધીનો સમય ફાળવવામાં આવશે. જેનો ચાર્જ અનુક્રમે ૨૫૦૦૦ અને ૩૫૦૦૦ રૂપિયા લેવામાં આવશે પ્રિ-વેડિંગ શૂટિંગ માટે વધુમાં વધુ ૧૦ વ્યક્તિને પ્રવેશ આપવામાં આવશે.”

## જાહેર નોટીસ

**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શહેરાની કોર્ટમાં મુ.શહેરા, તા.શહેરા.**

| | | |
|---|---|---|
| અરજદારઃ–પટેલ મનુભાઈ ભયજીભાઈ,રહે.મંગલીયાણા, તા.શહેરા, જી.પંચમહાલ. | વિરૂદ્ઘ | સામાવાળાઃ– તલાટી કમ મંત્રીશ્રી, મંગલીયાણા,તા.શહેરા, જિ.પંચમહાલ. |

આથી જાહેર જનતાને આ નોટીસ દવારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રીના પિતા નામે પટેલ ભયજીભાઈ બનાભાઈનો તા.૨૩/૦૮/૨૦૦૩ ના રોજ મોજે.મંગલીયાણા, તા. શહેરા, જિ.પંચમહાલ મુકામે મરણ થયેલ. જે બાબતની નોંધ જે તે વખતે અરજદારની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ અરજદારે પિતાના મરણની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા અપીલ નં.૨૭૩/૨૦૨૪ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે મરણની નોંધણી સામે કોઈનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન–૩૦ માં અત્રેની કોર્ટમાં લેખીત વાંધા રજુ કરવો. જો મુદત સમયમાં કોઈ વાંધો કે તકરાર નહી આવે તો અત્રેની કોર્ટ દવારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો.આજ તા. ૧૬, માહેઃ– જાન્યુઆરી, સને ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
મામલતદાર
અને
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શહેરા

## જાહેર નોટીસ

**મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ શહેરાની કોર્ટમાં મુ.શહેરા, તા.શહેરા.**

| | | |
|---|---|---|
| અરજદારઃ–વહોરા મદીનાબેન અલ્લારખાં, રહે.મોરવા, તા.શહેરા,જી.પંચમહાલ. | વિરૂદ્ઘ | સામાવાળાઃ–તલાટી કમ મંત્રીશ્રી, મોરવા, તા.શહેરા, જિ.પંચમહાલ. |

આથી જાહેર જનતાને આ નોટીસ દવારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રીના બેન નામે વહોરા હમીદાબેન ઈસુબભાઈનું તા.૧૧/૦૨/૧૯૭૫ ના રોજ મોજે.મોરવા, તા.શહેરા, જિ.પંચમહાલ મુકામે જન્મ થયેલ. જે બાબતની નોંધ જે તે વખતે અરજદારની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ અરજદારે પબેનના જન્મની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા અપીલ નં.૨૦/૨૦૨૫ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે જન્મની નોંધણી સામે કોઈનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન–૩૦ માં અત્રેની કોર્ટમાં લેખીત વાંધા રજુ કરવો. જો મુદત સમયમાં કોઈ વાંધો કે તકરાર નહી આવે તો અત્રેની કોર્ટ દવારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો.આજ તા. ૧૬, માહેઃ– જીન્યુઆરી, સને ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
મામલતદાર
અને
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ શહેરા

મહિસાગર, ખેડા આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, નડીઆદ, કપડવંજ, કઠલાલ, ઠાસરા, માતર

પંચમહાલ સમાચાર

# સંતરામપુર આઝાદ મેદાન ખાતે પ્રજાસત્તાક દિને જિલ્લા કક્ષાના રાષ્ટ્રીય પર્વની ઉજવણી કરાશે



સંતરામપુર, મહીસાગર જિલ્લામાં આગામી તા.૨૬ મી જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ પ્રજાસત્તાક પર્વની જિલ્લા કક્ષાની ઉજવણી સંતરામપુર તાલુકા મથકે કરાશે. રાષ્ટ્રીય પર્વની ઉજવણીના પૂર્વ આયોજન- તૈયારીઓ અંગે આજે લુણાવાડા કલેકટર કચેરીના કોન્ફરન્સ હોલ ખાતે કલેક્ટર કુમારીના અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક અને મહિલા,કિશોરી શિક્ષિત બને સ્વસ્થ બને, સશક્ત બને કાર્યક્રમ બાબતે બેઠક યોજાઈ હતી

સંતરામપુર આઝાદ મેદાન ખાતે યોજાનારા જિલ્લાકક્ષાના ધ્વજવંદન સમારોહમાં વિવિધ વિભાગોના ટેબ્લો, સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ વિવિધ ક્ષેત્રો વિશિષ્ટ કામગીરી કરનાર કર્મયોગીને પ્રમાણપત્ર આપી મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવશે. રાષ્ટ્રીય પર્વની ઉજવણી અંગેની તૈયારીઓ સહિત સમગ્ર કાર્યક્રમ શાનદાર રીતે યોજાય તે અંગે આયોજન અને અમલવારી કરવા સંબંધિત વિભાગોને જણાવવામાં આવ્યું હતું. બેઠક દરમિયાન કલેક્ટર નેહા કુમારીએ વિવિધ વિભાગોના અમલીકરણ અધિકારીઓને રાષ્ટ્રીય પર્વની ઉજવણી માટે સોંપાયેલી જવાબદારી અંગે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. વિવિધ વિભાગો દ્વારા દર્શાવવાના થતા ટેબ્લોમાં સરકારની ફ્લેગશિપ યોજનાઓ અને લોક જાગૃતિને કેન્દ્રમાં રાખીને પ્રસ્તુતિ થાય તે જોવા ઉપર ભાર મૂક્યો હતો. આ કાર્યક્રમના દિવસે સ્થાનિક ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ, અધિકારી- કર્મચારીઓ, સ્થાનિક સહકારી સંસ્થાઓ, વેપારી મંડળોને રાષ્ટ્રીય પર્વમાં ઉપસ્થિત થવા આગોતરું આમંત્રણ મળી જાય અને તેઓ ભાગ લે તે જોવા જણાવ્યું હતું. કલેકટરએ સંબંધિત અધિકારીશ્રીઓને જરૂરી સુચનાઓ સાથે માર્ગદર્શન આપી કાર્યક્રમ યાદગાર અને શાનદાર રીતે ઉજવાય તે માટે અપીલ કરી હતી. આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટરસી વી લટા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામકચંદ્રિકાબેન ભાભોર, સંતરામપુર પ્રાંત અધિકારી સહિત જિલ્લા વહિવટીતંત્રના વિવિધ વિભાગોના અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મહીસાગર જીલ્લામાં પુરતો ખાતરનો જથ્થો ઉપલબ્ધ છે જેથી અછત બાબતનો કોઈ પ્રશ્ન હાલ પુરતો ઉપસ્થિત નથી

લુણાવાડા, મહીસાગર જીલ્લાના લુણાવાડા ખાતે સવારથી ખાતર ખરીદવા ખેડૂતોની લાઈન લાગેલ હતી અને ગ્રામ્ય વિસ્તારના સેન્ટર પરથી ખાતર વિતરણ કરવાની ખેડૂતોની માંગ હોય જે બાબતના ન્યુઝ X.com (Formerly Twitter) પર પ્રસિધ્ધ થયેલ જે બાબતે જણાવવાનું કે મહીસાગર જીલ્લામાં ઈફકો કંપનીની રેક ગોધરા ખાતેથી મહીસાગર જીલ્લાના દરેક સેન્ટર પર સપ્લાયની કામગીરી સવારથી ચાલુ કરવામાં આવેલ હોય જેમાં પ્રથમ ખાતરની ગાડી જીલ્લા ખરીદ-વેચાણ સંઘ લુણાવાડા ખાતે આવેલ જે બાબતની ખેડૂતોને જાણ થતા ખાતર લેવા માટે સેન્ટર પર ઉપસ્થિત થયેલ જેના કારણે લાઈન જોવા મળેલ હતી. પરંતુ લુણાવાડામાં અન્ય સેન્ટર ઉપર ખાતર સપ્લાય થતા ખેડૂતો બીજા સેન્ટરો પર ખાતર ખરીદી માટે વહેંચાઈ ગયેલ અને પુરા દિવસમાં મોટા ભાગના ખેડૂતો દ્વારા ખાતરની શાંતિપૂર્ણ ખરીદી કરવામાં આવેલ છે.વધુમાં મહીસાગર જીલ્લામાં ચાલુ રવિ સિઝનમાં ડીસેમ્બર માસના અંતિત સુધી ૨૧૦૦૦ મેટ્રિક ટન ખાતર સપ્લાય કરતી કંપની દ્વારા સપ્લાય કરવામાં આવેલ છે જે ખેડૂતોને વિતરણ થઈ ગયેલ છે હાલમાં જાન્યુઆરી માસમાં ૩૪૦૦ મેટ્રિક ટન જેટલું ખાતરનો જથ્થો સપ્લાય કંપનીઓ દ્વારા કરવામાં આવેલ છે જેનું વિતરણ ચાલુ છે.ખાતર સપ્લાય કરતી કંપની દ્વારા બાય રેક પોઈન્ટ ગોધરા મારફત તેમજ બાય રોડ મારફત દરરોજ ખાતરનો જથ્થો સપ્લાય કરવામાં આવી રહ્યો છે જેથી જીલ્લામાં પુરતો ખાતરનો જથ્થો ઉપલબ્ધ છે જેથી અછત બાબતનો કોઈ પ્રશ્ન હાલ પુરતો ઉપસ્થિત નથી તેમ નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) લુણાવાડાની અખબારી યાદીમાં જણાવેલ છે.

## મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાની નાળના મુવાડા પ્રાથમિક શાળામાં પતંગોત્સવનો કાર્યક્રમ યોજવામાં આવ્યો

લુણાવાડા, મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના તાલુકાના ઝારા ક્લસ્ટરની નાળના મુવાડા પ્રાથમિક શાળામાં તારીખ ૧૩મી જાન્યુઆરી ૨૦૨૫ ને સોમવારના રોજ પતંગોત્સવનો કાર્યક્રમ ખુબ જ આનંદ અને ઉલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી.એ લપેટ, કાપ્યો છે ની બુમો સાથે તથા વિવિધ પીપુડાના અવાજ સાથે તથા અવનવા માસ્ક પહેરીને શાળાના બાળકોએ આનંદપૂર્વક રંગબેરંગી પતંગ ચગાવીને મજા માણી હતી.સમગ્ર આકાશ રંગબેરંગી પતંગોથી છવાઈ ગયું હતું.શાળાના શિક્ષક ચિરાગકુમાર કનૈયાલાલ પંચાલ કે જેઓ લુણાવાડા તાલુકાના મધવાસ ગામના વતની છે તેમણે બાળકોને ઉત્તરાયણના પર્વનું મહત્વ પતંગ ચગાવતી વખતે શું સાવધાની રાખવી તથા પક્ષીઓને નુકસાન ન પહોંચે તથા તેમની કાળજી રાખવાની ખુબ જ સુંદર વાત કરી હતી.બાળકોમાં આ પતંગોત્સવને લઈને ખુબ જ આનંદ, ઉલ્લાસ, ઉમંગ જોવા મળ્યો હતો તથા આનંદની કોઈ સીમા નહોતી.

## કચ્છના માંડવી તાલુકાના ગોધરામાં યુવતિની ક્રુર હત્યાના કેસમાં પંચમહાલ એસ.સી., એસ.ટી.એકતા મંચ દ્વારા આરોપીને ફાંસીની સજાની માંગ સાથે આવેદન આપ્યુ

ગોધરા, કચ્છ જિલ્લાના માંડલી તાલુકાના ગોધરા(અંબેધામ)ગામે એક ચકચાર ઘટના સામે આવી છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં કાર્યરત અનુસુચિત જાતિની યુવતિ ગૌરીબેન તુલી ગરવાની નુરાંસ હત્યા કરવામાં આવી છે. ૩૦ ડિસેમ્બરના રોજ વહેલી સવારે છ વાગ્યાના સમયે ગૌરીબેન નોકરી પર જવા નીકળ્યા હતા. ત્યારે ગામના બસ સ્ટેન્ડ નજીક કોડાય ગામના સાગર સંધારાએ તેમના પર તલવાર અને ગુપ્પી વડે અસંખ્ય ઘા ઝીંકી હત્યા કરી નાંખી હતી.

આ ગંભીર ઘટનાના પગલે પંચમહાલ એસ.સી., એસ.ટી. એકતા મંચ અને ગુરૂ બ્રાહ્મણ સમાજે જિલ્લા કલેકટરને આવેદન આપ્યુ છે અને આવેદનમાં માંગણી કરાઈ છે કે, આરોપીને ફાંસીની સજા, પોલીસ તપાસમાં તટસ્થતા, સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ(એસ.આઈ.ટી.)ની રચના તેમજ ખાસ સરકારી વકીલની નિમણુંક કરવામાં આવે. મૃતક યુવતિ તેના પરિવારનુ ગુજરાન ચલાવતી હતી અને કેસ અત્યંત સંવેદનશીલ છે. સંગઠનો દ્વારા માંગણી છે કે, આ કેસમાં ઉચ્ચ પોલીસ અધિકારીઓની એસ.આઈ.ટી.બનાવવામાં આવે જે તપાસ નિવેદન અને પુરાવાઓ એકત્રિત કરી યોગ્ય રીતે કાર્યવાહી કરે તેમજ પીડિત પરિવારને આર્થિક સહાય પુરી પાડવામાં આવે તેવી માંગ કરાઈ છે.

## પંચમહાલ પેરોલ સ્કવોર્ડ દ્વારા મંજુસર પોલીસ મથકના ચોરીના ગુનાના આરોપીને ઝડપ્યો

ગોધરા, વડોદરા જિલ્લાના મંજુસર પોલીસ મથકના ચોરીના ગુનામાં વોન્ટેડ ગોધરાના આરોપી અંગે પેરોલ ફર્લો સ્કવોર્ડને બાતમી મળી હતી તે બાતમીના આધારે આરોપીને સિગ્નલ ફળિયા વિસ્તારમાંથી ઝડપી પાડવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર વડોદરા મંજુસર પોલીસ મથકના ચોરીના ગુનામાં આરોપી મહેબુબ ઉર્ફે કાળો સિદ્દીક ચાંદલીયા(રહે.સિગ્નલ ફળિયા તલાવડી પાસે)નાસતો ફરતો આરોપી હોય આરોપી અંગે પંચમહાલ પેરોલ ફર્લો સ્કવોર્ડને બાતમી મળી હતી કે, આરોપી તેના ઘરે હાજર છે જે બાતમીના આધારે પેરોલ ફર્લો સ્કવોર્ડ દ્વારા આરોપીને ઝડપી પાડવામાં આવ્યો હતો. અને આરોપીને મંજુસર પોલીસને સોંપવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

## દાહોદના પડાવ વિસ્તારમાં મોબાઈલ ફોનમાં ફરક આંકનો જુગાર રમતા બે ઈસમોને ઝડપ્યા

દાહોદ દાહોદ શહેરના પડાવ વિસ્તાર ખાતે બે જેટલા જુગારીઓ પોતાના મોબાઈલ ફોનમાં આંક ફરકનો જુગારના આંકડા લખાવતાં હોવાની પોલીસને બાતમી મળતાં પોલીસે બંન્ને ઈસમોને ઝડપી પાડી તેઓની અંગ ઝડતીમાંથી રોકડા રૂ.૧૧,૧૦૦ તેમજ એક મોબાઈલ ફોન મળી પોલીસે કુલ રૂ.૧૬,૧૦૦નો મુદ્દામાલ કબજે કર્યાનું જાણવા મળે છે.

ગત તા.૧૫મી જાન્યુઆરીના રોજ અલ્તાફ હુસેન ગદફારભાઈ કાગડા અને તેની સાથે કૈલાશભાઈ સાંસી આ બંન્ને ઈસમો દાહોદ શહેરના પડાવ વિસ્તાર ખાતે જાહેરમાં આંક ફરકનો જુગારના આંકડા પોતાના મોબાઈલ ફોનમાં લખતાં હોવાની બાતમી પોલીસને મળી હતી. પોલીસે ઓચિંતી સ્થળ મુલાકાત લેતાં પોલીસે ઉપરોક્ત બંન્ને ઈસમોને ઝડપી પાડ્યાં હતાં અને તેઓની અંગ ઝડતીમાંથી રોકડા રૂપીયા ૧૧,૧૦૦ તથા એક મોબાઈલ ફોન મળી પોલીસે કુલ રૂ.૧૬,૧૦૦નો મુદ્દામાલ કબજે કરી આ સંબંધે દાહોદ એ-ડિવીઝન પોલીસે જુગાર ધારાની કલમ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## આંધ્રપ્રદેશમાં બે કરતા વધુ બાળકો ધરાવતા નેતાઓ જ ચૂંટણી લડી શકશે, ચંદ્રબાબુ નાયડુ

હૈદરાબાદ આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન ચંદ્રબાબુ નાયડુએ એક મોટું નિવેદન આપતા કહ્યું છે કે, જે નેતાઓને બેથી વધુ બાળકો હશે તેઓ જ પંચાયત અને મ્યુનિસિપલ ચૂંટણી લડી શકશે. હાલમાં, આંધ્ર પ્રદેશ એસેમ્બલીએ ત્રણ દાયકા જૂના કાયદાને રદ કર્યો હતો જે બે કરતાં વધુ બાળકો ધરાવતા લોકોને સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી લડવા પર પ્રતિબંધ હતો.

નોંધનીય છે કે, ચંદ્રબાબુ નાયડુ માટે આ કંઈ નવું નથી. તેઓ લગભગ એક દાયકાથી આની તરફેણ કરી રહ્યા છે. તેમનું માનવું છે કે, તેલુગુ પરિવારોએ વધુ બાળકો પેદા કરવા જોઈએ જેથી વૃદ્ધોની વધતી સંખ્યાની સમસ્યાનો ઉકેલ લાવી શકાય. ગયા વર્ષે તેમણે પરિવારોને વધુ બાળકો પેદા કરવા પ્રોત્સાહિત કરવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો. આંધ્ર પ્રદેશના સીએમના આ નિવેદન બાદ તમિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિને પણ આ વિચાર શેર કર્યો અને લોકોને વધુ બાળકોને જન્મ આપવાની અપીલ કરી હતી.ચંદ્રબાબુ નાયડુ તેમના હોમ ટાઉન નરવરીપલ્લેમાં મકરસંક્રાંતિના અવસર પર તેમના પરિવાર અને સંબંધીઓ સાથે હતા. આ દરમિયાન તેમણે કહ્યું હતું કે, 'પહેલા આપણી પાસે એક કાયદો હતો જે ફક્ત બે બાળકો ધરાવતા લોકોને જ સ્થાનિક સંસ્થા અને મ્યુનિસિપલ ચૂંટણીઓમાં ભાગ લેવાની મંજૂરી આપતો હતો. હવે હું કહું છું કે જેમના બાળકો ઓછા હશે તે નેતાઓ ચૂંટણીમાં ભાગ લઈ શકશે નહીં. ભવિષ્યમાં તમે સરપંચ, મ્યુનિસિપલ કાઉન્સિલર અથવા મેયર ફક્ત ત્યારે જ બની શકશો જો તમારા બે કરતાં વધુ બાળકો હશે. હું તેને પ્રસ્તાવિત નિયમોમાં સામેલ કરીશ.'ઉલ્લેખનીય છે કે, સામાન્ય રીતે દક્ષિણ ભારતીય રાજ્યોમાં બે-બાળક નીતિનું પાલન કરવામાં આવે છે. આ રાજ્યોના કુલ પ્રજનન દરથી સ્પષ્ટ થાય છે, જે ૧.૭૩ છે. જ્યારે રાષ્ટ્રીય સરેરાશ ૨.૧ છે. તો, ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, બિહાર, રાજસ્થાન અને ઝારખંડ જેવા મોટા રાજ્યોનો પ્રજનન દર ૨.૪ છે, જે રાષ્ટ્રીય સરેરાશ કરતા વધારે છે. આ ઉપરાંત ચંદ્રબાબુ નાયડુએ એમ પણ કહ્યું હતું કે, 'તેઓ વધુ બાળકો ધરાવતા પરિવારોને વધુ સબસિડીવાળા ચોખા પૂરા પાડીને પ્રોત્સાહિત કરવાની યોજના પર કામ કરી રહ્યા છે અને તેમને પંચાયત અને મ્યુનિસિપલ ચૂંટણી લડવાની મંજૂરી પણ આપી રહ્યા છે.' હાલમાં, દરેક પરિવારને ૨૫ કિલો ચોખા આપવામાં આવે છે, જેમાં દરેક સભ્યને ૫ કિલો ચોખા મળે છે.

# દાહોદ દુધિમતી નદીમાંથી ગુમ થયેલ વૃદ્ધનો મૃતદેહ મળ્યો

દાહોદ, દાહોદ શહેરના મંડાવાવ રોડ ખાતે રહેતા એક ૭૧ વર્ષિય વ્યકિત અઠવાડિયા પહેલા ગુમ થયાના બનાવ બાદ વૃદ્ધનો મૃતદેહ દાહોદ શહરમાંથી પસાર થતી દુધિમતી નદીના પટ પરથી મળી આવ્યો છે.

દાહોદના મંડાવાવ રોડ શક્તિનગર સોસાયટી ખાતે રહેતા ૭૧ વર્ષના રજનીકાંત રસીકલાલ મોઢીયા ગત તા.૮/૧/૨૫ના રોજ ઘરે કોઈને પણ કહ્યા વગર નીકળી ગયા હતા. અને ગુમ થઈ જતાં પરિવારના સભ્યોએ ભારે શોધખોળ આદરી હતી. પરંતુ મળી નહિ આવતા તેઓએ એ-ડીવીઝન પોલીસ મથકે જાણવા જોગ આપી હતી. તે બાદ પણ રજનીકાંત રસીકલાલ મોઢીયા મળી આવ્યા ન હતા. રવિવારના દિવસે દુધિમતી નદીના પટમાં ચેકડેમની બાજુમાં ત્યાંના સ્થાનિક લોકોને નદીના પટમાં પાણીમાં લાશ તરતી દેખાતા મોટી સંખ્યામાં આસપાસના લોકો ત્યાં ટોળે વળ્યા હતા. એ-ડીવીઝન પોલીસને જાણ કરતા પોલીસ પણ ઘટના સ્થળે આવી પહોંચી હતી. સ્થાનિકોની મદદથી પાણીમાં તરતી લાશને બહાર કાઢી હતી. તેમના ખિસ્સામાંથી આધારકાર્ડ મળી આવ્યુ હતુ. જેના આધારે પોલીસે ગુમ થયેલા વૃદ્ધના પરિવારજનોને જાણ કરતા તેઓ પણ ઘટના સ્થળે આવી પહોંચ્યા હતા. પોલીસે લાશનુ પંચનામુ કરી પી.એમ.અર્થે ઝાયડસ હોસ્પિટલ ખાતે મોકલી વૃદ્ધના મરવાનુ કારણ જાણવા માટેના પ્રયાસો હાથ ધર્યા હતા.

## પંચમહાલમાં વર્ષ-૨૦૨૫ના પ્રથમ ૧૫ દિવસમાં ૫૮૪ બાળકોનો જન્મ

ગોધરા, ગોધરા શહેર સહિત તાલુકામાં કુદકેનુ ભુસ્કે વધતી જતી વસ્તીએ ચિંતામાં વધારો કર્યો છે. વર્ષ-૨૦૨૫ના પ્રથમ ૧૫ દિવસમાં જ ૫૮૪ બાળકોનો જન્મ થયો છે. જયારે ૨૦૨૪ના વર્ષમાં ૧૩,૬૦૮ બાળકોનો જન્મ સામે ૨૦૪૬ના મરણ નોંધાયા છે. જયારે પાછલા ૬ વર્ષના ગાળામાં કુલ ૧૦,૫૬૭ લોકોના મૃત્યુ નોંધાયેલા છે. વધતી જતી જન સંખ્યાને લઈને પાછલા ૧૦ વર્ષમાં શહેરના આસપાસના અનેક ખેતરો સોસાયટીઓમાં ફેરવાઈ જવા પામેલ છે.

કોઈપણ દેશમાં જનસંખ્યાના વૃદ્ધિદરને અસર કરવામાં જન્મદર ઉપરાંત પ્રજનન દર પણ મહત્વનો ભાગ ભજવે છે. કોઈ એક વર્ષના ગાળા દરમિયાન એક હજારની સંખ્યા દીઠ કેટલા બાળકો જન્મે છે તે સંખ્યા તે દેશનો જન્મદર સુચવતી હોય છે. વર્ષ-૧૯૯૨માં વિશ્વમાં જન્મદર ૨૭ હતો. એટલે વિશ્વમાં તે વર્ષે ૧૦૦૦ની વસ્તી દીઠ નવા જન્મેલા બાળકોની સંખ્યા ૨૭ હતી. જન્મદર તથા મૃત્યુદરની સંયુકત વિચારણા દ્વારા કોઈપણ દેશની જનસંખ્યામાં થતાં ચોખ્ખા ફેરફારો માપી શકાય છે. પંચમહાલના ગોધરા શહેર સહિત તાલુકામાં પાછલા ૫ વર્ષમાં કુદકેને ભુસ્કે વધતી વસ્તી સાથે જન્મદરના ચોંકાવનારા આંકડા સામે આવ્યા હતા. જેમાં જન્મદર સામે મરણ દર અત્યંત સામાન્ય છે. શહેરનો વધતો વિસ્તાર પણ જન્મદરનુ એક મુખ્ય કારણ છે. ગોધરા શહેરમાં વર્ષ-૨૦૨૫ના પ્રથમ ૧૫ દિવસમાં કુલ ૫૮૪ બાળકોએ જન્મ લીધો છે. જયારે વિતેલા વર્ષ-૨૦૨૪માં જન્મના આંકડા પણ ચોંકાવનારા છે. જેમાં કુલ ૧૩૬૦૮ બાળકોના જન્મ સામે ૨૦૪૬ લોકોના મરણ થયા હતા. પાછલા ૬ વર્ષમાં જન્મદરના આંકડા ચોંકાવનારા છે. વર્ષ-૨૦૧૯માં સૌથી વધુ ૧૧૫૭૫ લોકોએ જન્મ લીધો જયારે ૨૦૨૧ના વર્ષમાં સૌથી ઓછા ૯૩૦૪ બાળકોએ જન્મ લીધો હતો. છ વર્ષમાં કુલ ૧૦,૫૬૭ લોકોના મૃત્યુ નોંધાયેલા છે. વધતી જતી જનસંખ્યાને લઈને પાછલા ૧૦ વર્ષમાં શહેરના આસપાસ અનેક ખેતરો સોસાયટીઓમાં ફેરવાઈ જવા પામેલ છે.

## અમદાવાદમાં ગુનાખોરીએ ફરીથી માથું ઉચક્યું, ઉત્તરાયણના પર્વ દરમિયાન ત્રણ હત્યા કરાઈ

અમદાવાદ, શહેરમાં ગુનાખોરીએ ફરીથી માથું ઉંચક્યું છે. ઉત્તરાયણના પર્વમાં શહેરના બહેરામપુરા, રામોલ અને વસ્ત્રાપુરમાં ત્રણ હત્યાના બનાવો બન્યા છે. વસ્ત્રાપુરમાં ઉત્તરાયણના આગલા દિવસે વૃદ્ધની લૂંટના ઈરાદે હત્યા કરવામાં આવી હતી. જ્યારે બહેરામપુરામાં પણ યુવકની હત્યાનો બનાવ બન્યો છે. બીજી તરફ વસ્ત્રાલમાં પુત્રએ પિતાની છરીના ઘા ઝીંકીને ઘાતકી હત્યા કરી નાખી છે. ત્રણ દિવસમાં ત્રણ હત્યાના બનાવ બનતા પોલીસના સલામતીના દાવા પોકળ સાબિત થયા છે.વસ્ત્રાલ વિસ્તારમાં આવેલા શિવમ આવાસ યોજનાના મકાનમાં રહેતા ૫૨ વર્ષીય ભારતી જોષીએ રામોલ પોલીસ સ્ટેશનમાં પુત્ર અલ્પેશ વિરુદ્ધ હત્યાની ફરિયાદ નોંધાવી છે. જે મુજબ, ગઈકાલે મિનેષ સવારે આઠ વાગે નોકરી પર જતો રહ્યો હતો અને બપોરે એક વાગ્યાની આસપાસ ઘરે જમવા માટે આવ્યો હતો. મિનેષે ભારતીને જણાવ્યું હતું કે "મને ભૂખ લાગી છે તું મને જમવાનું આપ." ભારતીએ જમવાનું આપ્યું હતું જેમાં મિનેષે કહ્યું હતું કે "તે શાક સારું નથી બનાવ્યું." મિનેષે ભારતી સાથે ઝઘડો કરીને પરત નોકરી પર જતો રહ્યો હતો. રાત્રે આઠ વાગ્યાની આસપાસ મિનેષ ફરીથી ઘરે આવ્યો હતો અને આવતાની સાથે જ ભારતી સાથે બબાલ કરવા લાગ્યો હતો. મિનેષ જેમ ફાવે તેમ બોલતો હતો તે સમયે અલ્પેશ ધાબા પરથી પતંગ ચગાવીને નીચે આવ્યો હતો.અલ્પેશે ઝઘડો જોઈને મિનેષને સમજાવતો હતો કે "મારી મમ્મી સાથે ઝઘડો ના કરશો." મિનેષે અલ્પેશની એક નહીં માનતા બબાલ ચાલુ રાખી હતી. મિનેષે અલ્પેશ સાથે મારામારી કરવાની શરૂ કરી દીધી હતી. બંને મારમારી કરતા ઘરની બહાર આવી જતા લોકોનું ટોળું ભેગું થઈ ગયું હતું. દરમિયાનમાં અલ્પેશ ઘરમાં દોડી ગયો હતો અને છરી લઈને આવી ગયો હતો. મિનેષ કંઈ વિચારે તે પહેલા અલ્પેશે તેમને ઉપરાછાપરી છરીના ઘા ઝીંકી દીધા હતા. મિનેષ લોહીલુહાણ હાલતમાં જમીન પર ઢળી પડ્યો હતો. ભારતી ગભરાઈ ગઈ હતી જેથી તેણે અલ્પેશને તેની માતા શારદાબેનના ઘરે અમરાઈવાડી મોકલી આપ્યો હતો. ભારતીએ તરત જ ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી દીધી હતી. મિનેષને ૧૦૮ દ્વારા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં ફરજ પરના ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. ઘટનાની જાણ રામોલ પોલીસને થતા તેઓ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને હત્યાનો ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.બીજી તરફ બહેરામપુરા વિસ્તારમાં આવેલા સાકળચંદ મુખીની ચાલીમાં રહેતા રવી પઢીયારે કાગડાપીઠ પોલીસ સ્ટેશનમાં કિરણ ઉર્ફે મંગો ચૌહાણ, ગીરીશ ઉર્ફે ટીનો સરગરા, દેવા નામના યુવકો વિરુદ્ધ હત્યાની ફરિયાદ કરી છે. રવી રાજસ્થાન હોસ્પિટલમાં ડોક્ટરની ગાડી ચલાવીને ગુજરાન ચલાવે છે. રવીના ભાઈ નીતિનની ગઈકાલે હત્યા કરી દેવામાં આવી છે. ગઈકાલે રવી પોસ્ટ ઓફિસની બહાર ગલી પર ઉભો હતો ત્યારે તેની બહેન મનીષાનો ફોન આવ્યો હતો અને જણાવ્યું હતું કે "હું નિતિન સાથે દૂધ લેવા માટે ગઈ હતી ત્યારે ઉંટવાળી ચાલી ખાતે કિરણ ઉર્ફે મંગો, ટીનો અને દેવાએ નિતિન પર હુમલો કરી દીધો હતો. ત્રણેયે ભેગા થઈને નિતિનને છરીના ઘા ઝીંકી દીધા છે." જેથી રવી ત્યાં પહોંચી ગયો હતો જ્યાં નિતિન લોહીલુહાણ હાલતમાં જમીન પર ઢળી પડ્યો હતો. નિતિનને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કર્યો છે.શહેરના વસ્ત્રાપુર ખાતે આવેલા મોહિની ટાવરમાં કનૈયાલાલ ભાવસારની લાશ મળી આવી હતી. જેમાં પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ જાણવા મળ્યું હતુ કે તેમનું ગળું દબાવીને હત્યા કરવામાં આવી છે.

## એએમસીમાં મ્યુનિસિપલ કમિશનરો અને ડેપ્યુટી હેલ્થ ઓફિસરોની બદલી કરાઈ

અમદાવાદ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ગુરુવારે મોટા ફેરફારો જોવા મળ્યા છે. મ્યુનિસિપલ કમિશનરે ૨૦ આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનરો અને ૮ ડેપ્યુટી હેલ્થ ઓફિસરોની બદલી કરી છે. આ બદલીઓ છેલ્લા પાંચ વર્ષથી એક જ જગ્યાએ ફરજ બજાવતા અધિકારીઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે. આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનરોથી લઈને અનેક અધિકારીઓની બદલી કરવાની માંગ ઉઠી હતી ત્યારે એક સાથે મિશનરે તમામ આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનરો અને ડેપ્યુટી હેલ્થ ઓફિસરોની બદલી કરી છે.

મ્યુનિસિપલ કોર્પોરેશનમાં વર્ષોથી એક જ જગ્યાએ અનેક અધિકારીઓ ફરજ બજાવે છે જેના કારણે અનેક કૌભાંડોથી લઈને કામગીરી પર અસર પડતી હોવા અંગેની ફરિયાદો મળી હતી. સ્ટેન્ડિંગ કમિટીમાં છેલ્લા ત્રણ વર્ષથી એક જ જગ્યાએ ફરજ બજાવતા હોય તેવા અધિકારીઓની બદલીઓ કરવા માટેની સત્તા મ્યુનિસિપલ કમિશનરને આપવામાં આવી હતી. જેના પગલે એક જ અઠવાડિયામાં મ્યુનિસિપલ કમિશનર દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે. ૨૦ જેટલા આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનરોની અને ૮ જેટલા ડેપ્યુટી હેલ્થ ઓફિસરોની બદલીઓનો હુકમ કમિશનર દ્વારા કરવામાં આવ્યો છે.

જે આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનર પાસે બે જેટલા વોર્ડ હતા તેમને ત્રણથી ચાર વોર્ડ આપવામાં આવેલા છે. જ્યારે જેઓની પાસે બે વોર્ડ હતા તેઓને માત્ર એક જ વોર્ડની જવાબદારી સોંપવામાં આવેલી છે. આરોગ્ય વિભાગમાં જન્મ-મરણ વિભાગમાં ડો. દિવ્યાંગ ઓઝાની અનેક ફરિયાદો મળી હતી જેના પગલે તેઓને બદલીને ડો. તેજસ શાહને જવાબદારી સોંપવામાં આવી છે.

## બનાસકાંઠાના અમીરગઢ બોર્ડર પર ૯૫ લાખ દારુનો જથ્થો ઝડપાયો

પાલનપુર ગુજરાતમાં દારુબંધી હોવા છતા અનેક વાર દારુનો જથ્થો ઝડપાતો હોય છે. ત્યારે બનાસકાંઠાના અમીરગઢ બોર્ડર પર દારુનો જથ્થો ઝડપાયો છે. અમીરગઢ બોર્ડર પર સિમેન્ટના ટ્રેલરમાં દારુનો જથ્થો ભરીને હેરાફેરી થતી હોવાનો પર્દાફાશ થયો છે. રાજસ્થાન તરફથી ગુજરાતમાં આવતા ટ્રેલરમાં ૯૫ લાખનો દારુની હેરાફેરી થતી હતી તે સમયે એલસીબીએ જથ્થો ઝડપ્યો છે. પોલીસે પ્રોહિબિશન હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

બીજી તરફ અરવલ્લીના રહિયોલમાં પોલીસકર્મીના ઘરેથી દારૂનો જથ્થો ઝડપાયો હતો.એલસીબીએ પોલીસકર્મી વિજય પરમારના ઘરેથી રૂ ૧.૭૬ લાખનો દારૂ ઝડપાયો હતો. પોલીસકર્મીના ઘરના રસોડામાંથી વિદેશી દારૂની ૨૧૩૮ બોટલ ઝડપાઈ હતી.એલસીબીએ વિજય પરમારના ઘરેથી રૂ.૧.૭૬ લાખનો દારૂ ઝડપાયો હતો. પોલીસ કોન્સ્ટેબલ વિજય પરમાર દરોડા પહેલા જ ફરાર થઈ ગયો હતો. આ અગાઉ પણ દારૂ કેસમાં વિજય પરમાર ઝડપાઈ ચૂક્યો હતો. વિજય પરમાર પોરબંદર જિલ્લામાં ફરજ બજાવતો હતો.એલસીબીની ટીમે આરોપી કોન્સ્ટેબલને ઝડપી લેવા તજવીજ હાથધરી હતી.

## આપની આજ.......

મેષ: રોજગાર માટે પ્રયત્નો કરનારા લોકો માટે સારા સમાચાર મળશે અને તમારા સામાજિક વર્તુળનો વિકાસ થશે. વિદ્યાર્થીઓ માટે સમય અનુકૂળ બનશે. કોઈ મિલકતની ખરીદી અને વેચાણ સમયે તેના તમામ કાયદાકીય પાસાઓને ગંભીરતાથી ધ્યાનમાં લો.

વૃષભ: આજે વેપારના ક્ષેત્રમાં સાનુકૂળ લાભ મળતા આનંદ થશે. આર્થિક સ્થિતિ વધુ મજબૂત બનશે. ધંધાના વિસ્તરણ માટેની યોજના બનાવશો. સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા અને પારિવારિક જવાબદારીઓ પૂર્ણ થશે.

મિથુન: વિવાહિત જીવન આનંદપ્રદ રહેશે. આજે નજીક અને દૂર પણ સકારાત્મક પ્રવાસ થઈ શકે છે. પારિવારિક બિઝનેસમાં વધતી પ્રગતિના કારણે ખુબ ખુશી થશે.

કર્ક: કાર્યક્ષેત્રમાં કેટલાંક પરિવર્તન આવશે, જેના કારણે તમારા સાથીઓનો મૂડ બગડી શકે છે પરંતુ તે તમારા માટે ફાયદાકારક રહેશે. બપોરે દાનમાં ખર્ચ કરવામાં આવશે.

સિંહ: આજનો દિવસ મિશ્રિત રહેશે. કાર્યસ્થળના કર્મી અથવા કોઈ સંબંધીના કારણે તણાવ વધી શકે છે. પૈસાના વ્યવહારમાં સાવચેત રહો, પૈસા ક્યાંક અટવાઈ શકે છે.

કન્યા: ધંધામાં યોગ્ય સમયે લેવાયેલા નિર્ણયો લાભકારક સાબિત થશે અને અટકેલા કામ પૂરા થશે. વાણી પર નિયંત્રણ રાખવામાં નિષ્ફળતા તમને પ્રતિકૂળ પરિસ્થિતિઓ તરફ દોરી શકે છે.

તુલા: વ્યાવસાયિક સહયોગીઓ તમારી સલાહનો લાભ લેશે અને લાભ મેળવશે. વ્યાવસાયિક યાત્રાઓ લાભકારક રહેશે. પરિવારના સભ્યો સાથેનો સમય આનંદદાયક રહેશે અને બપોર સુધી આનંદના સમાચાર પણ મળશે, જે મનનો ભાર હળવો કરશે.

વૃશ્ચિક: આજે કાર્યમાં તમારી ઉતાવળથી તમને લાભ થશે અને તમે સર્જનાત્મક કાર્ય તરફ પણ ઝુકાવશો. શિક્ષણ અને સ્પર્ધા ક્ષેત્રે વિદ્યાર્થીઓ માટે વિશેષ સિદ્ધિઓ પ્રાપ્ત થઈ રહી છે.

ધન: પિતા અને ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદથી કોઈપણ સંપત્તિ પ્રાપ્ત કરવાની ઈચ્છા પૂર્ણ થશે. તમારા જીવન સાથીના ટેકાથી તમે તમારા બધા લક્ષ્યો પૂર્ણ કરી શકશો. રાજકીય ધન મળવાની સંભાવના પણ છે.

મકર: રાજકીય ક્ષેત્રે કાર્યરત લોકોને સફળતા મળશે. ઘરના વડીલોના આશીર્વાદ તમને પ્રેરણા આપશે. સ્પર્ધાના ક્ષેત્રે આગળ વધશો અને અટકેલા કાર્ય પણ પૂર્ણ થશે. બાળકો પ્રત્યેની જવાબદારી પૂરી થશે.

કુંભ: બિનજરૂરી વ્યાવસાયિક ખર્ચ પર નિયંત્રણ રાખવાની જરૂર રહેશે. જીવનસાથીના સહયોગથી મુશ્કેલીઓમાંથી મુક્તિ મળશે. સંબંધીઓ તરફથી ખુશી અને પારિવારિક કાર્યમાં ખુશી મળશે.

મીન: સરકારી ક્ષેત્ર સાથે સંકળાયેલા ઉદ્યોગપતિઓને લાભ મળશે અને યોજનાઓને પણ વેગ મેળવશે. ઉતાવળ અને ભાવનાત્મકતામાં કાર્યસ્થળ સંબંધિત કોઈ નિર્ણય ના લો, નહીં તો પછીથી મુશ્કેલી આવી શકે છે.

# દાહોદના કતવારા ગ્રામ પંચાયત ખાતે પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત પી.આર.આઇ મીટીંગ યોજાઈ



દાહોદ,

દાહોદના આગાવાડા અને કઠલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના વિસ્તાર ના જીલ્લા પંચાયત સભ્ય, તાલુકા પંચાયતના સભ્ય ગ્રામ પંચાયત સરપંચ અને ગ્રામ પંચાયત ના સભ્યને ટીબી મુક્ત ગ્રામ પંચાયત હેઠળ પી આર આઈ મીટીંગ કરવામાં આવી જેમાં માન.પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત ૨૦૨૫ અભિયાન ને સાર્થક કરવા માટે તમામ પંચાયતી રાજના સભ્યને મારુ ગામ ટીબી મુક્ત ગામ માટે આહવાન કરવામાં આવ્યું.

આ પી.આર. આઇ મીટીંગ માં પૂર્વ કારોબારી અધ્યક્ષઅને જીલ્લા સભ્ય ઝીથરા ભાઈ ડામોર દશલા , જોગડા ભાઈ બદિયાભાઈ અમલિયાર , તાલુકા સભ્ય ખાપરીયા, સુરેન્દ્રસિંહ ઉદેસિંહ નાયક પૂર્વ જીલ્લા મંત્રી ચંદવાણા, રજનીકાંત પરમાર તાલુકા કારોબારી અધ્યક્ષ દાહોદ સહિત ના મહાનુભાવો હાજર રહ્યા હતા. આ પી.આર આઈ મીટીંગ જીલ્લા ક્ષય અધિકારી ડો. આર.ડી. પહાડીયા ના અદયક્ષ સ્થાને યોજાઇ જેમાં મેડીકલ ઓફિસર , આરોગ્ય કર્મચારીઓ અને પંચાયતી રાજના સભ્યો હાજર રહ્યા હતા પ્રધાનમંત્રીના ટીબી મુક્ત ભારત અભિયાન ૨૦૨૫ અન્વયે ટીબી રોગ નિર્મૂલન માટે જનભાગીદારીથી દર્દીના નિર્મૂલન માટે પોષણ સહાય આપવાની યોજના શરૂ કરાઈ છે. યોજનામાં વિવિધ સરકારી ક્ષેત્રે, ઔધિયોગીક ક્ષેત્ર, ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ, સંસ્થાઓ કે સામાજીક કાર્યકર, કે નાગરિકો વ્યક્તિગત ધોરણે ટીબીના દર્દીને પોષણ સહાય આપવા માટે દતક લઈ શકે છે. જે અન્વયે આજ રોજ જીલ્લા સદસ્ય ઝીથરાભાઈ ડામોર તાલુકા સભ્ય જોગડાભાઈ બદિયાભાઈ અમલિયાર, તાલુકા કારોબારી અદયક્ષ રજનીકાંત પરમાર, પૂર્વ જીલ્લા મંત્રી સુરેન્દ્રસિંહ નાયક સહિત ના મહાનુભાવો નિક્ષય મિત્ર બની ને કુલ૧૨ ટીબીના દર્દીને ન્યુટ્રિશન કીટ આપવામાં માટે આહવાન કરવામાં આવ્યું હતું.

# દે.બારીઆ નગરપાલિકાના બાંધકામ શાખા દ્વારા ફુટપાથના નવા બ્લોક નાંખવાનુ કાર્ય હાથ ધરાયુ

દે.બારીઆ,

દે.બારીઆ નગરપાલિકા છેલ્લા બે વર્ષથી વહીવટી અધિકારીઓના દ્વારા વહીવટી ચાલી રહ્યો છે. આમ જનતાના જે પ્રમાણે વિકાસના કાર્યો થવા જોઈએ તે મુજબ કાર્યોમાં બાધા આવી છે. લોકતંત્રનુ વહીવટી નહિ પરંતુ સરકારી બાબુશાહીનુ વહીવટની તો વાત ના પુછો. કોઈપણ રાજયસભા હોય કે પંચાયત સભા લોકશાહીના રીતેના હોય અથવા જે પણ રાજયમાં રાષ્ટ્રપતિ શાસન થયે છ માસની અંદર ત્યાં લોકશાહીના ઢબે ચુંટણી યોજવી અનિવાર્ય છે. તેમજ પંચાયત રાજ અથવા લોકશાહીના રાજમાં બંધારણ મુજબ ગણાશે હવે એ જોવાનુ રહ્યુ કે દે.બારીઆ નગરપાલિકાને વહીવટી રાજ છ માસ પહેલા ચુંટણી યોજવામાં આવશે ખરી...?



પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીઆ શહેરના પોલીસ સ્ટેશનથી લઈને બસ સ્ટેન્ડના દ્વાર સુધીનો ફુટપાથ હાલમાં નવા પેવર બ્લોક નાંખવાનુ કાર્ય પુરજોશમાં ચાલી રહ્યુ છે. આ રોડ પર તાલુકા પંચાયત ઓફિસ લઈને ત્રણ મોટી હાઈસ્કુલો આવેલી છે. જેથી આ રોડ પર શાળા અને ઓફિસના સમયે વધારે ટ્રાફિક રહેતા અકસ્માતનો ભય રહેલો છે. સત્યમેવ જયતે સર્કલથી બસ સ્ટેન્ડના દ્વાર સુધી નવા પેવર બ્લોક ફુટપાથ પર નાંખવાનુ કાર્ય હાથ ધરતા વિદ્યાર્થીઓને આ ફુટપાથનો ઉપયોગ કરશે તો વિદ્યાર્થીઓને અકસ્માત નડવાનો ભય નહિ રહે. જેથી વાલીઓમાં પોતાના વ્હાલા બાળકોને ભય વગર શાળાએ મોકલવાનો ડર નહિ રહે. વાલીઓમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

# લીમડી મુકામે શકિત સવ્રધન ૨૪ કુંડી મહાયજ્ઞ પ્રારંભ કરાયુ



લીમડી,

લીમડી નગરમાં વિશ્વ કલ્યાણ અને સુખાકારી માટે શકિત સવ્રધન ૨૪ કુંડી મહાયજ્ઞ પ્રારંભ કરાયું.ઝાલોદ તાલુકાના લીમડી ગાયત્રી શકિતપીઠ ખાતે આજે તારીખ ૧૬/૦૧/૨૦૨૫ થી ૧૮/૦૧/૨૦૨૫ સુધી ભારતીય ઋષિ પરંપરા અને તેના ગૌરવને પુનઃ સ્થાપિત કરવા માટે ૨૪ કુંડી મહાયજ્ઞ સહિત વિવિધ કાર્યક્રમો યોજાયો. મહાકળશ યાત્રા,ભવ્ય યુવા સંમેલન, વિરાટ મહિલા સંમેલન,ઋષિ પરંપરા મુજબ ગર્ભોત્સવ અને વિવિધ સંસ્કાર તેમજ વિરાટ દીપ મહાયજ્ઞ કાર્યક્રમો થયા. અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર હરિદ્વાર શાંતિકુંજના માર્ગદર્શન હેઠળ લીમડી શકિતપીઠ ખાતે વિવિધ કાર્યક્રમો યોજાયા.

# ઝાલોદ પંચાલ સમાજ દ્વારા સમાજના વિકાસ તેમજ સામાજિક કાર્યો માટે નવી કારોબારી સમિતિની રચના કરવામાં આવી




ઝાલોદ,

ઝાલોદ પંચાલ સમાજ નગરમાં દરેક ક્ષેત્રમાં આગવું સ્થાન ધરાવે છે. પંચાલ સમાજની જૂની કારોબારી સમિતિની અવધિ પુરી થતાં નવી કારોબારી સમિતિની રચના કરવામાં આવી હતી. વિતેલા વર્ષોમાં જૂની કારોબારી સમિતિ દ્વારા સમાજના વિકાસ તેમજ સમાજના લગતા દરેક કાર્યક્રમો ખૂબ સુંદર અને કુનેહ પૂર્વક કરવામાં આવેલ હતા. જૂની કારોબારી સમિતિની ઉત્તમ કામગીરી ને વખાણી નવી નિમવામાં આવેલ કારોબારી સમિતિ પણ વધુ મજબૂત સામાજિક કામગીરી કરે તેવી આશા સમાજે રાખેલ હતી. સમાજની કારોબારી રચના માટે વિશ્વકર્મા મંદિર ખાતે ભરાયેલ મીટિંગમાં સર્વ સંમતિ થી પ્રમુખ અનિલભાઈ રસિકલાલ પંચાલ ,ઉપપ્રમુખ ભુપેન્દ્રભાઈ હસમુખભાઈ પંચાલ ,મંત્રી નરેન્દ્રભાઈ જેંતીલાલ પંચાલ , સહમંત્રી કૌશિકભાઈ લાલચંદભાઈ પંચાલ ,ખજાનચી જીતેન્દ્રભાઈ નગીનલાલ પંચાલ ઓડીટિર કીરીટભાઈ કાંતિલાલ પંચાલની નિમણૂક કરવામાં આવી હતી.

# સંયુક્ત સચિવ, નાણાં વિભાગ, નવી દિલ્હીથી મનોજ મુથાથીલ ઐયપનએ મહત્વકાંક્ષી દાહોદ જીલ્લાની મુલાકાત લીધી

દાહોદ,

સંયુકત સચિવ, નાણાં વિભાગ, નવી દિલ્હીથી મનોજ મુથાથીલ ઐયપન મહત્વકાંક્ષી દાહોદ જીલ્લાની મુલાકાતે આવ્યા હતા. સેવા સદન કલેકટર કચેરી દાહોદ ખાતે જીલ્લાની તમામ બેન્કો તથા સરકારી કચેરીના વડા સાથે યોજાયેલ બેઠક દરમ્યાન મહત્વકાંક્ષી દાહોદ જીલ્લાની કામગીરીનુ પરિક્ષણ તથા રીવ્યુ કરવામાં આવ્યુ હતુ.

સરકારની વિવિધ પ્રકારના ધિરાણ યોજનાઓના લાભ લાભાર્થીઓને સમયસર આપવા માટે અનુરોધ કર્યો હતો. આ મીટીંગમા સંયુકત સચિવ મનોજ મુથાથીલ ઐયપન, કલેકટર યોગેશ નિરગુડે, બેન્ક ઓફ બરોડાના રીજનલ મેનેજર રામ નરેશ યાદવ, લીડ બેન્ક મેનેજર જીજ્ઞેશ પરમાર, હરસીત સોની, મુખ્ય પ્રબંધક, બેન્ક ઓફ બરોડા ઝોન, રાહુલ બંગર ડીડીએમ નાબોડ, નાયબ પશુપાલન નિયામક ડો. ગોસાઇ, સુકુમાર ભુરીયા ડીએલએમ, ડીઆરડીએ દાહોદ સહિત તમામ બેન્ક મેનેજર ઉપસ્થિત રહ્યા હતા. સંયુક્ત સચિવ મનોજ મુથાથીલ ઐયપનએ ગરબાડા તાલુકાની મુલાકાત લીધી હતી તથા મોટી સંખ્યામાં સખી મંડળની બહેનો અને ગ્રામજનોને સમ્બોધીને નાણાંકીય સાક્ષરતાનો સંદેશો આપ્યો હતો.

# થાળાલીમડી શાળાના શિક્ષક મુકેશભાઈ નિનામાને ચિત્રકૂટ એવોર્ડ એનાયત કરાયો



દાહોદ,

દર વર્ષે પરમ પૂજ્ય મોરારી બાપુના વરદ હસ્તે દરેક જિલ્લામાંથી શ્રેષ્ઠ કામગીરી કરતાં એક શિક્ષકને ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના તલગાજરડા મુકામે પારિતોષિક એનાયત કરવામાં આવે છે.ચાલુ વર્ષે- ૨૦૨૪ નો દાહોદ જિલ્લાનો ચિત્રકુટ એવોર્ડ થાળાલીમડી શાળાના શિક્ષક મુકેશભાઈ એમ નિનામાએ શિક્ષણ ક્ષેત્રે કરેલી શ્રેષ્ઠ કામગીરીને ધ્યાનમાં રાખીને તેમના નામની પસંદગી દાહોદ જિલ્લામાથી કરવામાં આવી હતી. પરમ પૂજ્ય મોરારી બાપુનાં હસ્તે શાલ ઓઢાડીને પ્રમાણપત્ર આપી મોમેન્ટો તથા ૨૫ હજારનો ચેક અર્પણ કરીને સન્માન કરવામાં આવતા,સમગ્ર દાહોદ જિલ્લામાં આનંદની લાગણી છવાઈ ગઈ હતી. સમગ્ર દાહોદ જિલ્લામાંથી સૌ સારસ્વત ભાઈઓ-બહેનો,શિક્ષણ વિભાગ,સમાજ તથા શિક્ષક સંગઠનો દ્વારા ખૂબ-ખૂબ અભિનંદન સાથે હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# દે.બારીઆના ભથવાડા ગામના વ્યકિતએ પ્રેસીડેન્ટ ટ્રાવેલ્સ ભાડે માટે સંચાલક સાથે વાત કરતા જાતિ અપમાનિત કરતા ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના ભથવાડા ગામે એક વ્યક્તિને પોતાના સમાજની સાથે બહાર ગામ જવાનું હોઈ ભાડેથી પ્રેસિડેન્ટ ટ્રાવેલ્સ માટે સંચાલકને વાત કરી હતી ત્યારે પ્રેસિડેન્ટ ટ્રાવેલ્સના સંચાલક પિતા-પુત્રએ વ્યક્તિને ફોન પર જાતિ અપમાનીત કરી મારી નાંખવાની ધમકી આપ્યાંનું જાણવા મળે છે.

દેવગઢ બારીઆના ભથવાડા ગામે તળાવ ફળિયામાં રહેતાં પ્રકાશભાઈ ગોવીંદભાઈ પરમાર તથા તેમના સમાજના માણસોને મરતોલીમાં ચહેરના દર્શન કરવા જવાનું હોઈ જેથી દેવગઢ બારીઆના સાગારામા ગામે રહેતાં પ્રેસિડેન્ટ ટ્રાવેલ્સના સંચાલક અનમોલભાઈ બાબુભાઈ પટેલ તથા તેમના પિતા બાબુભાઈ પટેલનો મોબાઈલ ફોન પર ગત તા.૦૬.૦૧.૨૦૨૫ના રોજ સંપર્ક કર્યો હતો અને જણાવ્યું હતું કે, ૫૬ સીટનું પેમેન્ટ હાલ હું કરી દઉં છું બીજા પેસેન્જર વધે પછી બીજી ગાડીનું પણ કરી દઈશ, તેવી વાતચીત કરતાં બે ગાડી હોય તોજ એવી વાત કરતાં ઉપરોક્ત પ્રેસિડેન્ટ ગાડીના સંચાલક પિતા-પુત્રએ પ્રકાશભાઈને કહેલ કે, મારી ગાડીઓ ઉપર તારૂ નામ નથી લખેલું, આપુ ના આપુ મારી ઈચ્છા, તેમ કહી જાતિ અપમાનીત કરી, તું બારીયા આવી જા તને જીવતો નહીં છોડુ, તેમ કહી મારી નાંખવાની ધમકીઓ આપતાં આ સંબંધે પ્રકાશભાઈ ગોવીંદભાઈ પરમારે પીપલોદ પોલીસ મથકે આ સંબંધે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ધાનપુર મહુડીવાડા વિસ્તારમાં સરકારી પ્લોટમાં પશુ ચરાવવાની ના પાડતા બીટગાર્ડ પર હુમલો

દાહોદ,

ધાનપુર ફોરેસ્ટ કોલોનીમાં રહેતા અને કાદુ રેન્જ વાંસીયાડુંગરી ડીવીઝનમાં બીટગાર્ડ તરીકે ફરજ બજાવતો સંદિપ વસાયા હેડ કવાટર્સથી કાણાકુવામાં બાઈક લઈને ફેરણુ કરવા માટે નીકળ્યો હતો. તે દરમિયાન ત્રણ મહુડી વાળા વિસ્તારમાં જંગલ ખાતાના પ્લોટની અંદર પશુ ચરતી હતી. ઉભેલા વ્યકિતએ આ પશુ કોની છે પુછતા મારી છે અને હું તેને ચરાવવા આવ્યો છુ. ત્યારે સંદિપકુમાર વસાવાએ તેને સમજાવીને પશુ ફોરેસ્ટ વિભાગના પ્લોટમાંથી કાઢી લઈને બીજી જગ્યાએ ચરાવવા લઈ જવા તેમ કહેતા બિભત્સ ગાળો બોલીને તુ મને કોઈ કહેવા વાળો આ જંગલમાં અમો વર્ષોથી અમારા ઢોર ચરાવીએ છીએ તેમ કહ્યુ હતુ. ત્યારે સંદિપ કુમારે પોતે બીટગાર્ડ તરીકેને ઓળખ આપી તમારા ઢોર કાઢીને નહિ લઈ જાવ તો તમારી પશુ અહિંથી બહાર કાઢી લાવીશ તેમ કહેતા મોતીયા વાલસન ડામોરે ગાળો બોલી તેના હાથમાની લાકડી સંદિપકુમારને માથાના પાછળના ભાગે મારી ચામડી ફાડી નાંખી લોહીલુહાણ કર્યા હતા. તેમજ શરીરે લાકડીઓ મારી ઈજાઓ કરી મારી નાંખવાની ધમકી આપી હતી. આ બાબતની જાણ સંદિપકુમારે સ્ટાફને કરતા હુમલાખોર ત્યાંથી નાસી ગયો હતો. ત્યારબાદ સંદિપકુમારને જેસાવાડા સરકારી દવાખાને સારવાર માટે લઈ ગયા હતા. આ સંદર્ભે સંદિપકુમાર વસાવાએ હુમલાખોર મોતીયા વાલસન ડામોર સામે જેસાવાડા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

# લીમખેડાના માનલી ગામે બે બાઈકો વચ્ચે અકસ્માતમાં ત્રણની ઘટના સ્થળે મોત : મહિલાને ગંભીર ઈજાઓ

દાહોદ

ગતરોજ સાંજના સુમારે દાહોદ જિલ્લાના લીમખેડાના માનલી ગામે બે મોટરસાયકલ સામસામે ધડાકાભેર અથડાતાં સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ત્રણ જણા સ્થળ પરજ કાળનો કોળિયો બન્યાનું તેમજ એક મહિલાને ગંભીર ઈજાઓ થયાનું સત્તાવાર રીતે જાણવા મળ્યું છે.

દાહોદ જિલ્લામાં અકસ્માતો થતા અટકાવવા આરટીઓ તેમજ પોલીસ તંત્ર દ્વારા માર્ગ સલામતી માસની વિવિધ કાર્યક્રમો થકી એક તરફ ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે બીજી તરફ માર્ગ સલામતી માસની ઉજવણીની ઝાઝી અસર ના જોવા મળતી હોય તેમ ગમખ્વાર અકસ્માતોની વણઝારા થંભવાનુ નામ લેતી નથી અને એક પછી એક ગમખ્વાર અકસ્માતો સર્જાતા જોવા મળી રહ્યા છે. ઉતરાયણની પૂર્વ સંદયાએ ઝાલોદ તાલુકામાં સર્જાયેલા બે ગમખ્વાર અકસ્માતમાં છ જણા કાળનો કોળિયો બન્યાની ઘટનાની શાહી હજી સુકાઈ નથી ત્યાં તો લીમખેડાના માનલી ગામે ગઈકાલ તારીખ ૧૫-૧-૨૦૨૫ ને બુધવારના રોજ સાંજના સાડા પાંચ વાગ્યાના સુમારે એક મોટરસાયકલ ચાલક તેના કબજાની જીજે -૨૦ -બી.જી - ૪૮૬૮ નંબરની મોટરસાયકલ પૂર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ આવી માનલી ગામના ૨૫ વર્ષીય જીગ્નેશભાઈ વજેસિંગ ભાઈ ડામોરની જીજે- ૨૦- બીસી- ૦૯૫૧ નંબરની મોટરસાયકલ સાથે સામેથી ધડાકાભેર અથડાવતા સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં માનલી ગામના ડામોર ફળિયામાં રહેતા જીગ્નેશભાઈ વજેસિંહભાઈ ડામોર, ૩૪ વર્ષીય જશપાલસિંહ દિનેશભાઈ ડામોર, તથા જીજે ૨૦ બીજી૪૮૬૮ નંબરની મોટરસાયકલુના ચાલક એમ ત્રણેય જણાને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા તે ત્રણેનું સ્થળ પરજ અરેરાટી ભર્યું મોત નિપજ્યું હતું.તેમજ કાસમબેન ઈશ્વરભાઈ ચૌહાણ નામની મહિલાને શરીરે નાની મોટી ઈજાઓ થવા પામી હતી. ઘટનાની જાણ થતા જ માનલી ગામના લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. અને ઘટનાની જાણ લીમખેડા પોલીસને કરતા લીમખેડા પોલીસ તાબડતોબ ઘટના સ્થળે દોડી આવી હતી. અને ઈજાગ્રસ્ત કાસમબેન ચૌહાણને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ૧૦૮ મારફતે મોકલી આપી હતી. તેમજ ત્રણેય મૃતકોની લાશનું પંચો રુબરુ પંચનામું કરી ત્રણેની લાશને પોસ્ટમોર્ટમ માટે લીમખેડા સરકારી દવાખાને મોકલી આપી માનલી ગામના ડામોર ફળિયામાં રહેતા યોગેશભાઈ વજેસિંગભાઈ ડામોરે નોંધાવેલી ફરિયાદને આધારે લીમખેડા પોલીસે આ સંદર્ભે જીજે -૨૦- બીજી-૪૮૬૮ નંબરની મોટરસાયકલના ચાલક વિરુદ્ધ ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદના ઉસરવાણ ગામે દાવાના પૈસાની માંગણીમાં થયેલ મારામારીમાં ચાર વ્યકિતએ ઈજાઓ

દાહોદ

દાહોદ તાલુકાના ઉસરવાણ ગામે દાવાના પૈસાની માંગણી બાબતે બે પક્ષો વચ્ચે થયેલ મારામારીમાં મહિલા સહિત ચાર વ્યકિતઓને શરીરે ઈજાઓ પહોંચાડ્યાનું જાણવા મળે છે.

ગત તા.૧૪મી જાન્યુઆરીના રોજ દાહોદના ઉસરવાણ ગામે ટીંડોરી ફળિયામાં રહેતાં શંકરભાઈ સવસીંગભાઈ બારીયા, માનસીંગભાઈ જળીયાભાઈ બારીયા, સવસીંગભાઈ જળીયાભાઈ બારીયા તથા સુખરમભાઈ જળીયાભાઈ બારીયાનાઓ એકસંપ થઈ ગેરકાયદેસર મંડળી બનાવી પોતાના ગામમાં રહેતાં રાજુભાઈ રતનાભાઈ બારીયાના ઘરે આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, તું સાના દવાખાના ખર્ચ બીલના પૈસા માંગે છે, તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈ ઉપરોક્ત ચારેય ઈસમોએ લાકડી લાકડે વડે તેમજ લોખંડની પાઈપ વડે નિર્મલભાઈ અને મેઘલીબેનને શરીરે, હાથે પગે તેમજમ માથાના ભાગે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકીઓ આપી ભારે ધિંગાણું મચાવતાં આ સંબંધે રાજુભાઈ રતનાભાઈ બારીયાએ દાહોદ બી ડિવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે આ સંબંધે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.જયારે સામાપક્ષેથી દાહોદના ઉસરવાણ ગામે ટીંડોરી ફળિયામાં રહેતાં શંકરભાઈ સવસીંગભાઈ બારીયાએ નોંધાંવેલ ફળિયામાં જણાવ્યાં અનુસાર, ગત તા.૧૪મી જાન્યુઆરીના રોજ પોતાના ગામમાં રહેતાં રાજુભાઈ રત્નાભાઈ બારીયા, નિર્મલભાઈ રાજુભાઈ બારીયા તથા ગૌતમભાઈ રાજુભાઈ બારીયાનાઓ એકપંસ થઈ ગેરકાયદેસર મંડળી બનાવી શંકરભાઈના ઘરે આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, તારા કાકા માનસિંગભાઈનો છોકરો વનરાજના એ એકાદ વર્ષ પહેલા કુતરાને લાકડ મારવા જતાં આ રાજુભાઈને આંખમાં વાગી જતાં દવા ખર્ચના રૂપીયા બાબતે ઝઘડો તકરાર કરી એકદમ ઉશ્કેરાઈ ગયાં હતાં અને લાકડા વડે તેમજ મુઢ માર મારી માનસિંગભાઈ તેમજ શંકરભાઈને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકીઓ આપી ભારે ધિંગાણું મચાવ્યું હતું.આ સંબંધે દાહોદ બી ડિવીઝન પોલીસે બંન્ને પક્ષોની ફરિયાદને આધારે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ધાનપુરના પીપેરો ગામે ૧૬ વર્ષિય સગીરાનુ લગ્નના ઈરાદે અપહરણ

દાહોદ

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના પીપેરો ગામેથી એક યુવકે એક ૧૬ વર્ષિય સગીરાને પત્નિ તરીકે રાખવા સારૂ અપહરણ કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

ગત તા.૨૬મી ડિસેમ્બર ૨૦૨૪ના રોજ ધાનપુરના પીપેરો ગામે ગણાવા ફળિયામાં રહેતો રણજીતભાઈ કેશરસીંગ ગણાવાએ ધાનપુર તાલુકામાં રહેતી એક ૧૬ વર્ષિય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી, પટાવી ફોસલાવી રણજીતભાઈએ ૧૬ વર્ષિય સગીરાને પોતાની પત્નિ તરીકે રાખવા સારૂ અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના પિતાએ ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળવની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દે.બારીઆના પીપલોદમાં બસ સ્ટેન્ડ બનાવવા માટે જમીન બાબતે ઠરાવ કરાયો

દાહોદ,

દે.બારીઆ તાલુકાના પીપલોદ ગામ ખાતે વર્ષો જુનો સ્ટેટ હાઈવે પસાર થયા પછી પણ આજદિન સુધી બસ સ્ટેન્ડની સુવિધા મળી નથી. હાલમાં બસ જયાં ઉભી રહે છે તે જગ્યાએ વર્ષો જુનુ એક પીકઅપ સ્ટેન્ડ પણ અવ્યવસ્થામાં દેખાઈ રહ્યુ છે. દે.બારીઆ તાલુકાના પીપલોદ ગામે બસ સ્ટેન્ડ માટે કોઈ સરકારી જગ્યા નહિ આ બસ સ્ટેન્ડ જુના સ્ટેટ હાઈવે ઉપર પંચેલા પંચાયત નજીકમાં બનાવશે તેવી અટકળોએ જોર પકડતા પીપલોદ ગામના જાગૃત નાગરિકો, આગેવાનો અને વેપારીઓએ આ બસ સ્ટેન્ડ પીપલોદમાં બનવુ જોઈએ, અને તે માટે સરકારી જમીન કઈ જગ્યા છે તપાસ પંચાયતમાં કરાવી હતી. પંચાયત પીપલોદના તલાટી અને સરપંચ છત્રસિંહ ફુલાભાઈ પટેલ તેમજ ગ્રામ પંચાયત કમિટીના સદસ્યો, આગેવાનો અને વેપારીઓએ પીપલોદ-બારીઆ રોડ તળાવ પાસેની પંચાયતની સરકારી જમીનમાં પીપલોદ ગામનુ નવીન બસ સ્ટેન્ડ બનાવવા માટેનુ સ્થળ નક્કી કરી તે માટે જરૂરી જમીન ફાળવવા માટેનો કાયદેસરનો ઠરાવ કરવામાં આવ્યો હતો.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 28, No.124

# હાલોલ કંજરી રોડ કેશવપાર્કમાં ત્રણ દંપતિએ ઉત્તરાયણની સાંજે રિવોલ્વર જેવા હથિયારથી ફાયરીંગ કરતા વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ કરતા પોલીસ દ્વારા કાર્યવાહી

હાલોલ,

હાલોલમાં ઉત્તરાયણની સાંજે કંજરી રોડ ઉપર આવેલ કેશવપાર્ક સોસાયટીના મકાન નં.–૪૮/૩ના ધાબા ઉપર ત્રણ દંપતિઓએ રિવોલ્વર જેવા હથિયારથી ફાયરીંગ કરી જય શ્રી રામના નારા લગાવતા હોય તેવો વીડિયો ઈન્સ્ટાગ્રામ પર અપલોડ કરવામાં આવ્યો હતો. સોશિયલ મીડિયામાં થયેલ વાયરલ વીડિયોમાં હાલોલ પોલીસ દ્વારા કાર્યવાહી કરી બે રિવોલ્વર જેવા હથિયાર કબ્જે લીધા છે. અને તપાસ માટે એફએસએલમાં મોકલવામાં આવ્યા છે.



હાલોલ નગરમાં ઉત્તરાયણના પર્વની સાંજના સમયે કંજરી રોડ ઉપર આવેલ કેશવપાર્ક સોસાયટીના મકાન નં.–૪૮/૩ના ધાબા ઉપર ત્રણ દંપતિઓમાં નવલસિંહ મહાવીરસિંહ શેખાવત, શંકરસિંહ દયાલસિંહ શેખાવત, ગજેન્દ્રસિંહ નંદસિંહ રાઠોડ, અને તેમની પત્નિઓ જીનકવંર, સ્વાતિ અને સુમનકંવર દ્વારા બે રિવોલ્વર જેવા હથિયારથી હવામાં ફાયરીંગ કરતા અને જય શ્રી રામ નનરા લાગતો હોય તેવા વીડિયો ઈન્સ્ટાગ્રામ પર અપલોડ કરવામાં આવ્યો હતો. સોશિયલ મીડિયામાં વાયરલ થયેલ વીડિયોને ધ્યાનમાં લઈ હાલોલ ટાઉન પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. અને પોલીસ દ્વારા બે રિવોલ્વર જેવા હથિયાર કબ્જે લીધા હતા. અને એફએસએલ માટે મોકલી આપ્યા છે. ઉત્તરાયણના પર્વમાં ત્રણ દંપતિ દ્વારા ધાબા ઉપર મોડી સાંજે રિવોલ્વર જેવા હથિયારથી વારાફરતી ફાયરીંગ કરતો વીડિયો નવલસિંહ મહાવીરસિંહ શેખાવતે તેની ઈન્સ્ટાગ્રામ આઈડી જામવાઈ રાજપુત કલેકશન પર અપલોડ કર્યો હતો. પોલીસ દ્વારા સોશિયલ મીડિયામાં વાયરલ વીડિયોના આધારે રિવોલ્વર જેવા હથિયારને કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# શહેરા તાલુકાના ભીમથલ ગ્રામ પંચાયત વિસ્તારમાં મનરેગા યોજનાના કામો સ્થળ ઉપર બતાવ્યા વગર નાણાં ઉપાડી લેવાની તપાસની માંગ સાથે રજુઆત

શહેરા,

પંચમહાલ જિલ્લાના શહેરાના ભીમથલ ગ્રામ પંચાયતના મનરેગા યોજનાના વિકાસના કામો સ્થળ ઉપર કર્યા વગર નાણાં ઉપાડી લેવામાં આવ્યા છે. ત્યારે ભીમથલ ગામમાં થયેલ વિકાસના કામોની સ્થળ તપાસ કરી કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ અરજદાર દ્વારા કરવામાં આવી છે.



શહેરા તાલુકાના ભીમથલ ગ્રામ પંચાયતમાં મનરેગા યોજનાના વિકાસના કામોમાં ગેરરિતી આચરવામાં આવી છે. સર્વે નં.–૨૦૩ બારીયા રમેશભાઈ ડાહ્યાભાઈ માં માટી–મેટલ રોડ ખોટી રીતે જણાવ્યા વગર મસ્ટર રોલ નાંખવામાં આવ્યો છે.અને મસ્ટર રોલનુ પેમેન્ટ ઉપાડી લેવામાં આવ્યુ છે. સર્વે નં.–૨૬૩ જે રમીલાબેન મોહનભાઈ તેમનુ પણ માટી મેટલ રોડ નાણાં ઉપાડી લેવામાં આવ્યા છે. ભીમથલ ગામ પેવર બ્લોકના કામમાં જે વ્યકિતનુ મરણ થયેલુ છે તેની ગ્રાન્ટ મંજુર કરી પેવર બ્લોકની યોજના ઓનલાઈન કરવામાં આવી છે. જે વ્યકિતના મરણ ૬ માસ પહેલા થયુ છે તેની પરિવારને પણ ખબર નથી. સર્વે નં.–૧૨ બારીયા અરજનભાઈ વજાભાઈનુ માટી મેટલ રોડ તેના નાણાં પણ ઉપાડી લેવામાં આવ્યા છે. સર્વે નં.–૨૭ બારીયા દિપાભાઈ નાનાભાઈનુ પાણીના ચેકવોલ જે સ્થળ ઉપર બનેલ નથી આ ગ્રાન્ટ ૨૦૨૪માં વપરાઈ ગઈ છે. સર્વે નં.–૧૦૯ બારીયા નાનાભાઈ છેલાભાઈના પાણીના ચેકવોલની કામગીરી સ્થળ ઉપર બનેલ નથી. સર્વે નં.–૬૯ પાણીનો કુવો સ્થળ ઉપર બનેલ નથી. અને હાલમાં મસ્ટર નાંખવાનુ ચાલુ છે. આમ ભીમથલ ગ્રામ પંચાયતમાં મનરેગા યોજનાના કામોમાં થયેલ ગેરરિતીની તપાસ કરવામાં આવે તેવી માંગ સાથે શહેરા તાલુકા વિકાસ અધિકારી, જિલ્લા વિકાસ અધિકારીને લેખિત રજુઆત કરવામાં આવી છે.

# શહેરાના અણીયાદ ચોકડી વિસ્તારની શાંતાકુંજ સોસાયટીમાં સ્ટ્રીટલાઈટો બંધ રહેતા ચોરીના બનાવો વધ્યા

શહેરા,

શહેરા નગરના અણીયાદ ચોકડી વિસ્તાર માં આવેલી શાંતાકુંજ સોસાયટીમાં સ્ટ્રીટ લાઈટો પાછલા બે દિવસથી બંધ છે. નગરમાં ચોરીની ઘટના પણ બનવા પામી હોવા છતાં નગર પાલિકા દ્વારા જે વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટો બંધ હોઈ એ તાત્કાલિક રીપેરીંગ કરીને ચાલુ કરવામાં આવે તેવી માંગ નગરજનો માંથી ઉઠી હતી.



શહેરા નગરના અમુક વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટ બંધ હોવાની અનેક બુમો ઉઠી રહી હોવા છતાં પાલિકા દ્વારા આ બાબતે કોઈ જ ગંભીરતા લેવામાં આવી રહી નથી.જયારે નગરના અણીયાદ ચોકડી વિસ્તારમાં આવેલી શાંતાકુંજ સોસાયટીમાં પાછલા બે દિવસથી સ્ટ્રીટ લાઈટો બંધ હોવાથી આ વિસ્તારમાં અંધારપટ છવાઈ જતા અહીંના રહીશોની ભારે નારાજગી પાલિકા સામે જોવા મળી રહી હતી. આ સોસાયટી સહી અન્ય વિસ્તારમાં બંધ સ્ટ્રીટ લાઈટો ચાલુ કરવામાં માટે શુભ મુહૂર્તની રાહ પાલિકા દ્વારા દેખાઈ રહ્યા હોય એવું લાગી રહ્યું છે નગર વિસ્તારમાં શિયાળાની ઠંડીમાં ચોરીની ઘટના પણ બની રહી હોવાથી પાલિકા દ્વારા સ્ટ્રીટ લાઈટો બંધ હોઈ ત્યાં પાલિકા દ્વારા તાત્કાલિક સ્ટ્રીટ લાઈટ ચાલુ કરવામા આવે તેવી માંગ નગરજનો કરી રહ્યા હતા. નગરપાલિકા દ્વારા આ ઉપરોક્ત બાબતને ગંભીરતાથી લઈને નગર વિસ્તારમાં નગરજનોને મળવાપાત્ર સુવિધા મળે તે માટે પોતાની નૈતિક ફરજ બજાવામાં આવવી જોઈએ પરંતુ નગર વિસ્તારમાં જે રીતે પાણી,રસ્તા સહિતની અનેક સમસ્યાઓ થી નગરજનો હેરાન પરેશાન હોઈ ત્યારે નગર પાલિકાએ વેરા વસુલાત કરવા માટે અને પ્રતિબંધિત પ્લાસ્ટિક સામે કાર્યવાહી કરવા ટીમ બનાવી એ રીતે નગરજનોની સમસ્યા હલ કરવા માટે પણ ટીમ બનાવવા માટે ચીફ ઓફિસર અને પાલિકાના મહિલા પ્રમુખ ક્યારે વિચારશે એવી અનેક ચર્ચાઓ લોકોમાં થઈ રહી હતી. નગર વિસ્તારમાં વધતી જતી સમસ્યાને ધ્યાનમાં લેતા નગરપાલિકામાં રાજ્ય સરકારની આવતી વિવિધ ગ્રાન્ટનો ઉપયોગ નિયમ મુજબ થયો છેકે નહીં તેની તપાસ થાય તે પણ જરૂરી લાગી રહ્યું છે.

# વીવાયઓ કાલોલ દ્વારા શહેરી વિસ્તારમાં જરૂરિયાતમંદોને ૩૦ ધાબળા નુ વિતરણ કરાયુ



કાલોલ,

કાલોલ વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન દ્વારા પૂ.પા.ગૌ ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી મહોદય ના માર્ગદર્શન અને પ્રેરણા થી વીવાયઓ હેડ ઓફીસ થી મળેલ ધાબળા નુ વિતરણ કાલોલ શહેર વિસ્તારમાં પ્રભારી સતિષભાઈ શાહ તથા પ્રમુખ પ્રકાશભાઈ ગાંધી, મંત્રી અતુલભાઈ કે સાહ, ટ્રેઝરર પીનલ પરીખ,આશિષ સુથાર, મફતભાઈ મહેતા, આશિષ જોશી, તુષાર શાહ, નીતિન પરીખ,મિડીયા ના વિરેન્દ્ર મહેતા, કાલોલ શહેર ભાજપ પ્રમુખ પ્રતીક ઉપાધ્યાય,લાયન્સ કલબ હાલોલ ના પ્રમુખ જીતુભાઈ સોની, રિજનલ ચેરમેન મહેન્દ્રભાઈ શાહ, જીગ્નેશભાઈ બ્રહ્મભટ્ટ, મનોજભાઈ અને નીતિનભાઈ દ્વારા બુધવારે મોડી રાત્રે કડકડતી ઠંડીમાં જરૂરિયાત મંદોને કાલોલ બસ સ્ટેન્ડ થી લઈને ડેરોલ સ્ટેશન રોડ વિસ્તારમાં ૩૦ જેટલા જરૂરિયાત વ્યકિતઓને ઠંડીથી રક્ષણ મેળવવા માટે ધાબડા વિતરણ કરવામાં આવ્યું હતું જેથી આવી કડકડતી ઠંડીમાં ઠુડવાતા જરૂરિયાત વ્યકિત ઓએ તમામ નો ખૂબ ખૂબ આભાર વ્યકત કર્યો હતો.

# રતનપુરગામે આજ રોજ પંખી પંક્ષીઓનાં રક્ષણ અનોખું અભિયાન હાથ ધર્યું



નદીસર,

પંચમહાલ જિલ્લામાં ગોધરા તાલુકાનાં રતનપુર(કાં)ગામે ઉતરાયણ પર્વ નિમિત્તે વધુ પ્રમાણમાં દોરી આમતેમ ગુચડા રોડ રસ્તા ગલીઓમાં ધાબા પર બારી બારણાં દરવાજા વાયર તાર તેમજ ઝાડ ઉપર પડેલી દોરી.ગૂચડા આપી જાવો અને કીલોના રૂપિયા ૧૭૦આપવામાં આવશે તેવી હાથ જોડીને વિનંતીગામનાં વતની પરેશ એન સુથાર દ્વારા વિવિધ ગ્રુપો મિત્રો સમગ્ર ગામ તેમજ આજુબાજુ વિસ્તારમાં રહેતા યુવાનો,વડીલો,બાળકો,મહીલાઓને અપીલ કરવામાં આવી હતી અભિયાન હેતુ મુંગા પશુ પક્ષીઓનાં થતું નુકસાન અટકાવી શકાય તેમ છે કારણ કે દોરા ધાગા પક્ષીઓના પાંખો અને ગળાના ભાગે ઘાતક દોરી ફસાઈ જાય અને કપાઈ જાય નહીં તેનાં રક્ષણ માટે હાથ ધરવામાં આવ્યું હતું આ અભિયાનમાં દરેક વ્યકિત પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે કોઈ પણ જગ્યાએ ઉતરાયણ પર્વની તેહવાર મનાવતાં હોય કે નાં મનાંવતા હોય તો પણ પોતાનાં ધાબા પરથી સાંજે ઉતરતા પહેલાં ધાબું સાફ સફાઈ કરીને ઉતરજો જેથી દરરોજ સવારે આપણા ધાબા પર પક્ષીઓ બેસી શકે કોઈ પણ પ્રકારનું નુકસાન થાય નહીં આ સેવા ભગીરથ કાર્ય કરવા બાળકો .યુવાનો અને વડીલો દ્વારા લગભગ આશરે ૫ કીલો ૪૦૦ ગ્રામ વજન દોરી આપી ગયા હતા દરેક વ્યક્તિને નાસ્તો અને રોકડાં રૂપિયા આપીને સમ્માનિત કર્યો હતા સુરેશભાઈ ચૌહાણએ સેવા ભગીરથ કાર્ય કરવા બદલ સોને હાર્દિક શુભકામના સાથે ધન્યવાદ પાઠવ્યા હતા.

# ગોધરા વિશ્વકર્મા લુહાર-સુથાર વાડી ખાતે શ્રી ગુરૂદેવ પ્રભુજીના જન્મોત્સવે વિવિધ કાર્યક્રમો યોજાયા

ગોધરા,

તા.૧૬ જાન્યુઆરી ૨૦૨૫, શ્રી ગુરુદેવ પ્રભુજીના સાનિધ્યમાં આધ્યાત્મિક અને સામાજિક ક્ષેત્રે છેલ્લા ૧૫ વર્ષ થી તેમના અનુંયાયાચીઓ દ્વારા વિવિધ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવે છે શ્રી ગુરુદેવ પ્રભુજીના સત્સંગથી લોકોના જીવનમાં પરિવર્તન આવ્યું છે. જેમાં લોકોની અંધશ્રદ્ધા દૂર થઈ છે,વ્યસનમુક્ત બન્યા છે અને શિક્ષણક્ષેત્રમાં આગળ વધ્યા છે.



આજ રોજ શ્રી પ્રભુજી સત્સંગ પરિવાર મંડળ દ્વારા વિશ્વકર્મા ભુવન , લુહાર સુથાર ની વાડીમાં શ્રી ગુરુદેવ પ્રભુજીના જન્મોત્સવના નિમત્તે ભવ્ય ઉજવણી કરવામા આવી. શ્રી પ્રભુજીના જન્મોત્સવને પવિત્ર અને ભકિતમય બનાવવા માટે વિવિધ કાર્યક્રમનું આયોજન થયું. સુંદર ભજનની સાથે ઉજવણી શરૂ થઈ હતી. ભવનમાં શ્રધ્ધાળુઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને ઊજવણીના અંતે મહાપ્રસાદીનું વિતરણ કરવામાં આવ્યું. જેનો લાભ દરેક શ્રધ્ધાળુઓએ લીધો. આ સમગ્ર કાર્યક્રમ શ્રી પ્રભુજી સત્સંગ પરિવાર ના સૌજન્યથી સફળતા પૂર્વક પુર્ણ થયો.

# ગોધરા સબજેલ બહારથી પ્રતિબંધિત વસ્તુઓ ભરેલ થેલી સાથે કેદી પકડાયો

ગોધરા,

ગોધરા સબજેલની બહારથી દિવાલ કુદાવીને બીડી–ગુટખા અને કોડીન સીરપની બોટલ ભરેલી થેલી નાંખતા કાચા કામના કેદી થેલી લઈને ભાગતા જેલ કર્મીઓએ પકડી પાડ્યો હતો. ઈન્ચાર્જ જેલરે ગોધરા એ–ડીવીઝન પોલીસ મથકે ૪ સામે ફરિયાદ નોંધાવી હતી.

ગોધરા સબજેલમાં કાચા કામના કેદી તરીકે સજા ભોગવી રહેલા જબ્બાર મહેબુબ પઠાણ નામના કેદીને મળવા માટે તેઓના પિતા મહેબુબખાન મુસ્તુફાખાન પઠાણ, મિત્ર લાલો રળિયા અને અન્ય મળતિયાઓ ૧૩ જાન્યુઆરીના રોજ સાંજના સમયે આવ્યા હતા. જેમાં તમામ ઈસમોએ એકબીજા સાથે સંદેશાઓની આપ–લે કરી હતી. જે બાદ તમામ ઈસમોએ જેલના બહારના ભાગેથી મુખ્ય દિવાલ કુદાવીને જેલમાં પ્રતિબંધિત ગણાતી બીડીની પાંચ જુડી, ગુટખા, તમાકું, કોડીન સીરપની બે બોટલ અને માચીસનો જથ્થો થેલીમાં ભરીને જેલની અંદર ફેંક્યો હતો. બાથરૂમ પાસે ઉભેલો કાચા કામના કેદી જબ્બાર પઠાણે થેલી લઈને ભાગતા જેલ કર્મીઓએ પકડી પાડ્યો હતો. આમ તમામ ઈસમોએ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ કરીને જેલના નિયમોનો ભંગ કર્યો હતો. એ–ડીવીઝન પોલીસ મથકે તમામ ઈસમો સામે પ્રીઝન્સ એકટ મુજબ ગુનો નોંધાયો હતો.

# ગોધરા-અમદાવાદ હાઈવે રોડ ઉપર તુફાન ગાડીની છત ઉપર બેસાડી જોખમી મુસાફરીનો વીડિયો વાયરલ થતાં રોડ સેફટી માસના પ્રયાસોને નિષ્ફળ ગણાવ્યા

ગોધરા,

ગોધરા–અમદાવાદ હાઈવે રોડ ઉપર રોડ સેફટીના નિયમોનુ સરેઆમ ઉલ્લંઘન કરતા વીડિયો વાયરલ થયો છે. તુફાન ગાડીમાં મુસાફરોને ગાડીની છત ઉપર જીવના જોખમે સવારી મુસાફરો કરતા જોવા મળ્યા છે. પોલીસ તંત્ર અને આર.ટી.ઓ.વિભાગ દ્વારા રોડ સેફટી માસની ઉજવણી કરી રહ્યુ છે. તેવા પ્રયાસો વચ્ચે રોડ સેફટીના નિયમો નેવે મુકી મુસાફરોની હેરાફેરી કરતા ખાનગી વાહનો માટે પોલીસ વિભાગના અલગ નિયમો હશે તેવા પ્રશ્નો ઉઠી રહ્યા છે.



પંચમહાલ જિલ્લામાં ખાનગી વાહનોમાં મુસાફરોને સામાન્ય રીતે જોખમી મુસાફરી કરાવવામાં આવતી હોય છે. પરંતુ જાન્યુઆરી–૨૦૨૫ના માસને રોડ સેફટીના નિયમોનુ સરેઆમ ઉલ્લંઘન કરતો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. ગોધરા–અમદાવાદ હાઈવે રોડ ઉપરથી પસાર થતી તુફાન ગાડીમાં ચાલક દ્વારા કમાણી કરવાની લ્હાયમાં મુસાફરોના જીવને જોખમમાં મુકીને તુફાન ગાડીની છત ઉપર બેસાડીને જોખમી મુસાફરી કરતા હોય તેવો વીડિયો વાયરલ થયો છે. ગોધરા શહેર ભુરાવાવ ચોકડી ખાતેથી ચાલતા ખાનગી વાહનચાલકો પોતાની કમાણીની લાલચમાં મુસાફરોને જીવના જોખમમાં મુકીને મુસાફરી કરાવતા હોય છે. એવુ નથી કે આવા ખાનગી વાહનોમાં મુસાફરોને ટ્રાફિક પોલીસની કે આર.ટી.ઓ.કચેરીની જાણ બહાર મુસાફરી કરવામાં આવે છે. પરંતુ ટ્રાફિક પોલીસ અને આર.ટી.ઓ.વિભાગની રહેમ નજર હેઠળ આવા ખાનગી વાહનોમાં જોખમી રીતે મુસાફરો ઘેટા–બકરાની જેમ ભરીને મુસાફરી કરાવવામાં આવે છે. પંચમહાલ જિલ્લા પોલીસ અને આર.ટી.ઓ.કચેરી દ્વારા સંયુકત રીતે રોડ સેફટી માસની જાહેરાત કરીને વાહનચાલકો જોખમી મુસાફરી માટે ટ્રાફિકના નિયમોની અવગણના કરવામાં આવી રહી છે. તેવા સમયે સરેઆમ હાઈવે રોડ ઉપર ખાનગી વાહનોના છત ઉપર બેસીને જોખમી મુસાફરીના દ્રશ્યો પોલીસ અને આર.ટી.ઓ.રોડ સેફટીની જાગૃતિ માટેના પ્રયાસોને નિષ્ફળ બનાવી રહી છે.

# કાલોલમાં મુસ્લિમ ધર્મના ત્રણ ધર્મગુરૂના જન્મોત્સવ નિમિત્તે નુરાની ચોક ખાતે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયુ

કાલોલ,

કાલોલ શહેરમાં ગતરોજ મોડી રાત્રે નૂરાની ચોકના પ્રાંગણમાં ઈસ્લામ ધર્મના ત્રણ ધર્મગુરૂના જન્મોત્સવ ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી જેમાં પેગંબર સાહેબના દામાદ હઝરત સૈયદના મોલા અલી હૈદર રદીઅલ્લાહૂ અન્હુ અને મોઈનુદ્દીન હશન ચિસ્તી ખ્વાજા સાહેબના અને હઝરત સૈયદ મોઈનુદ્દીન કાદરીબાબા (છોટે સરકાર) ની જન્મોત્સવની ઉજવણી અંતર્ગત વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું ધાર્મિક વાતાવરણમાં હર્ષોલ્લાસ સાથે ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કાલોલ અઝીમ ફ્રેન્ડ સર્કલ દ્વારા જુમ્મા મસ્જિદના ઉપર વાળા ભાગમાં જીકર શરીફ નો ઉત્સાહપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું ત્યારબાદ



વીલાદતે હઝરત સૈયદ મોલા અલી હૈદર રદીઅલ્લાહૂ અન્હુ ની ઉર્સની ઉજવણી અંતર્ગત ઈશાની નમાઝ પછી એક ઝુલુસ નુરાની ચોકથી પ્રસ્થાન કરી નગરના વિવિધ વિસ્તારોમાંથી પરત નૂરાની ચોક ખાતે આવી પહોંચ્યું હતું ત્યારબાદ રાત્રીના સાડા દશ વાગ્યાના સુમારે સુરત શહેરમાં આવેલી એશિયા ખંડની ખાનકાહ એ કલા રિફાઈ મોટી ગાદીના ધર્મગુરૂઓ હજરત પીરઝાદા સૈયદ ગૌસુદ્દીન રિફાઈ ઉર્ફે હઝરત સાહેબ અને હજરત સૈયદ વઝીહુદ્દીન શાહ રીફાઈ ઉર્ફે હુશેન સાહેબના તથા હઝરત સૈયદ મુઝફફર અલી ચિસ્તિબાબા ની પ્રેરક ઉપસ્થિતિમાં વીલાદતે હઝરત સૈયદ મોલા અલી હૈદર રદીઅલ્લાહૂ અન્હુ ના ઉર્ષના અવસરે પજેતન ફ્રેન્ડ સર્કલ (રોયલ ગ્રુપ) દ્વારા આ વાયઝ (કથા)નું કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યું હતું જેમાં વાયઝ ના આ જલ્સામા મહારાષ્ટ્ર મુંબઈ ના મોલાના મુફતી શફીક એહમદ કાદરી ઉપસ્થિત રહ્યા હતા જેમાં મુફતી શફીક એહમદ કાદરી દ્વારા હઝરત સૈયદ મોલા અલી હૈદર રદીઅલ્લાહૂ અન્હુ ની શાનમાં બહેતરીન અંદાજમાં વર્ણન કરીને જલ્સામા હાજર લોકો મંત્રમુગ્ધ કરી દીધા હતા અંતે સલાતોસલામ પછી દુવા માગી કાર્યક્રમનું મોડીરાત્રે સમાપન થયું હતું.કાલોલ નુરાની ચોક જુમ્મા મસ્જિદ ખાતે પજેતન ફ્રેન્ડ સર્કલ દ્વારા આ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યુ હતુ.જેમા મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# વેજલપુર ગામ પંચાયત હદ વિસ્તારમાં આવેલા મોટા મોહલ્લાની પીવાની પાઈપ લાઈનમાં નદીનું ગંદુ પાણી મિક્સ થતા લોકોએ ગ્રામ પંચાયત ખાતે હોબાળો મચાવ્યો

વેજલપુર,

વેજલપુર ખાતે આવેલ મોટા મોહલ્લાની પીવાના પાણી લાઈનમાં ભંગાણ થતા નદીમાંથી પ્રસાર થતી પીવાની પાણીની લાઈનમાં ગંદું પાણી મિક્ષ થતા હોવાનો વિડિઓ સોસીયલ મીડિયામાં વાઈરલ થયો હતો ત્યારે મળતી માહિતી મુજબ આજ રોજ વેજલપુર ગ્રામ પંચાયતમાં સ્થાનિક ગ્રામજનો આ લીકેજ પીવાની પાણી લાઈનને લઈને રજુઆત કરવાં માટે આવ્યા હતા ત્યારે વેજલપુર ગામ પંચાયતના જવાબદાર અધિકારી એવા



બંન્ને તલાટી ક્રમ મંત્રીઓ હાજર જોવા મળ્યા નોહતા જેથી હવે રજુઆત કરવી તો કરવી કોને ત્યારે રજૂઆત કરનાર લોકોમાં કયાંકને કયાંક તલાટી હાજર નહિ મળતા તેમને પોતાનો રોષ વેજલપુર ગ્રામ પંચાયતનો અંધેરી નગરી ગંદુ રાજા જેવો વહીવટી કરનાર સામે ભભૂકી ઉઠયો હતો ત્યારે વેજલપુર ગ્રામ પંચાયત વોર્ડ નમ્બર ૪ ના સભ્યે પણ પોતાની પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે બજારમાં પીવાનું પાણી આવતું નોહતું તેના માટે અલગ થી પીવાની પાઇપ લાઈન કરવાની હતી તે પીવાની પાઇપ લાઈન માટે સ્થાનિક લોકો પાસેથી અંદાજીત ૨૮૦૦૦ હજાર રૂપિયા ઉગરાવીને તે કામ કરાવ્યું હતું તેમ છતાં વેજલપુર ગ્રામ પંચાયતની નિષ્કાળજીને લઈને નવીન પીવાની લાઈનમાં ભંગાણ થઈ અને લાઈન લીકેજ થઈ હતી જેથી સ્થાનિક રહીશોએ આ પીવાના પાણી નદીના ગંદા પાણી સાથે મિક્ષ થતા હોવાનો વિડીઓ બનાવી વાઈરલ કર્યો હતો જેથી સ્થાનિક ગ્રામ પંચાયતના સભ્ય અને ગ્રામજનો ગ્રામ પંચાયત ખાતે આજ રોજ રજૂઆત કરવા પોહચ્યા હતા પણ વેજલપુર ગ્રામ પંચાયતના જવાબદાર અધિકારીઓ એવા બન્ને તલાટીઓ ગ્રામ પંચાયત ઉપર હાજર જોવા મળ્યા નોહતા જેથી હવે જોવે રહ્યું કે જવાબદાર અધિકારી તલાટી ક્રમ મંત્રી દ્વારા સ્થળ ઉપર જઈને સ્થળ તપાસ કરીને આ પીવાના પાણીની લાઈનમાં જે ભંગાણ થયું છે તેનું સમારકામ કરવામાં આવશે કે કેમ તે હવે જોવું રહ્યું.